## ટ્રેક નં. ૨૮ : ભેદજ્ઞાન વિષે

✻ આ ભેદજ્ઞાન કોનાથી કરવું? શરીરથી? રાગથી? અને શા માટે? ધીરજ રાખો. બધા જ જવાબો આવી રહ્યા છે પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચામાં.

✻ માંગલિક :

ભક્તિ : ભેદજ્ઞાન જગ્યો જિનકે ઘટ, શીતલ ચિત્ત ભયો જિમ ચંદન
કેલી કરે શિવમારગમેં, જગમાંહી જિનેશ્વરકે લઘુનંદન (૨)

✻ પ્રશ્ન : ભેદજ્ઞાનકી ભાવના હૈ, તો શુભ બંધ હૈ યા આતે હૈ તો યે રાગ મંદ રહા એ પતા કૈસે લગેગા?

● ઉત્તર : મંદ રાગ–વિકલ્પ મંદ હુએ તો યે શુભભાવ યે તો આકુલતારૂપ હૈ, વિશેષ સૂક્ષ્મદૃષ્ટિસે દેખના ચાહિયે. ઈસકા લક્ષણ પિછાનના ચાહિયે કે એ વિકલ્પકા લક્ષણ હૈ. યે જ્ઞાનકા લક્ષણ નહીં હૈ. શુભભાવ હુએ તો ભી આકુલતારૂપ હૈ. ૧.

✻ પ્રશ્ન : વિકલ્પ પકડમેં નહીં આતા તો યે વિકલ્પ હૈ યા નિર્વિકલ્પ. કૈસે પતા લગે? આનંદ યા શાંતિકા જો વેદન હોતા હૈ, વહ આત્મિક હૈ યા રાગકા હૈ યે કૈસે પતા લગે? (પૂરો પ્રશ્ન નથી સમજાતો)

● ઉત્તર : જિસકો સચ્ચા નિર્વિકલ્પપણા હુઆ હૈ, યે ગ્રહણ કર લેતા હૈ કિ યે નિર્વિકલ્પ હૈ. યે વિકલ્પ તૂટ જાતા હૈ. યે વિકલ્પ–શુભભાવ ભી તૂટકે નિર્વિકલ્પરૂપ સ્વભાવમેં લીન હો જાતા હૈ. ઐસા ઉસકા આત્મા કહતા હૈ. ઐસા ભેદજ્ઞાન હો જાતા હૈ. ફિર ઉગ્રપણે પુરુષાર્થ કરકે વો સ્વરૂપમેં ઐસા લીન હો જાતા હૈ કુછ ઉસકો બહારકા વિકલ્પ ખ્યાલ ભી નહીં રહતા હૈ. ઉપયોગ બહારસે હટ જાતા હૈ ઔર સ્વરૂપમેં ઐસા લીન હો જાતા હૈ કિ અપને સ્વરૂપમેં અનંત જ્ઞાન, અનંત આનંદ આદિ ગુણોંકા વેદન–સ્વાનુભૂતિ–હો જાતી હૈ. અપને આપસે ઈસકો ખ્યાલમેં આ જાતા હૈ, જૈસા સિદ્ધ

ભગવાનકા સ્વરૂપ હૈ ઐસા અંશે ઈસકો વેદનમેં આતા હૈ. ઉસકા ઉગ્રપણે જ્ઞાન કરનેસે, ઉગ્રપણે ઐસી નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હો જાતી હૈ. ઉસકા આત્મા ઉસકો જવાબ દે દેતા હૈ કિ સ્વાનુભૂતિ હી હૈ. યે વિકલ્પ નહીં હૈ. ઉસે શંકા ભી નહીં પડતી હૈ તો યે ભેદ પડ જાતા હૈ ઔર સ્વરૂપમેં લીન હો જાતા હૈ. બહાર ઉપયોગ રહતા હી નહીં. કોઈ અપૂર્વ દુનિયામેં ચલા જાતા હૈ. ચૈતન્યકી દુનિયામેં ચલા જાતા હૈ તો ખ્યાલ નહીં રહતા. અપના આત્મા ઈસકો નક્કી કર દેતા હૈ કિ યે સ્વાનુભૂતિ હી હૈ. દૂસરા હૈ હી નહીં. યે હી મોક્ષકા પંથ હૈ. યે ભીતરસે ઐસા ઉસકે વેદનમેં આ જાતા હૈ. યે સ્વાનુભૂતિ હી યથાર્થ હૈ. યે સ્વાનુભૂતિ ઔર ભગવાન કહતે હૈ વોહી સ્વરૂપ હૈ, દૂસરા હૈ હી નહીં. ૨.

**✻ પ્રશ્ન : જ્ઞાન ઐસે હુઆ કિ પહલે વેદનમેં ખ્યાલમેં આના ચાહિયે કિ યે બહાર જો વૃત્તિ જાતી હૈ વહ આકુળતારૂપ હૈ. યહાઁસે દુ:ખ લગે ઔર યહાઁસે કૈસે હટે ઔર કૈસે સૂઝે કિ યે દાહરૂપ હૈ ઐસા હી પ્રક્રિયા ગુરુદેવને બતાયા હૈ ?**

● ઉત્તર : આકુળતા તો ઉસે વેદનમેં આતી હૈ, પણ યે સુખ કહાઁ હૈ યે તો ઉસે ઢૂંઢના ચાહિયે, યે દોનોં સાથમેં હોતા હૈ. સ્વરૂપકો ગ્રહણ કરે ઔર પરસે છૂટા પડે. વાસ્તવમેં તો સ્વભાવકો ગ્રહણ કરતે હી વિભાવસે છૂટ જાતા હૈ, પણ વિચાર કરે તો ઐસા કિ વો આકુલતા લક્ષણ હૈ. વિચાર કરે તો ખ્યાલમેં આયેગા કિ યે અનંતી સ્વાનુભૂતિ નહીં હૈ, યે ખ્યાલમેં નહીં આતા, પણ વિચારસે નક્કી કરે, કિ આનંદ આત્મામેં હૈ, બાહરમેં નહીં હૈ, સ્વભાવકો ગ્રહણ કરે તો આકુળતા છૂટે, સ્વાનુભૂતિ હોતી હૈ તો વિભાવકા ભેદ હો જાતા હૈ વાસ્તવમેં તો નહીં પણ ઐસે પહેલા ક્રમ પડતે હૈ. વો ભાવના, રુચિ હોતી હૈ ઔર નક્કી કરતે હૈ તો ઐસા નક્કી કરતે હૈ કિ આકુળતા મેરા આત્મામેં નહીં હૈ. અસ્તિપણે તો અસ્તિકો ગ્રહણ કરતે હૈ તો નાસ્તિ ગ્રહણ હો જાતી હૈ. યથાર્થમેં તો અસ્તિ ગ્રહણ કરે તો

(વિભાવકી) નાસ્તિ હો જાતી હૈ. ૩.

❀ બહેનશ્રી : (આત્મા) દેખવામાં નથી આવતો તો શું કરવું? આ આકુળતા તો વેદનમાં આવે છે કે આ તો આકુળતા છે. આકુળતામાં સુખ લાગે છે. એમાં સુખ માની માનીને એમાં ઊભો છે અનંતકાળથી. યથાર્થપણે તે દુઃખ (આકુળતા) લાગે તો સુખ તારામાં છે. તારા તરફ વળી જા. પ્રતીત કરી લે કે સુખ મારામાં છે. એમ નક્કી કરી લે અને સ્વભાવ તરફ વળીને ભેદજ્ઞાન કરીને એમાં ઠરી જા. સ્વભાવની અસ્તિને ગ્રહણ કરી લે. પોતે સ્વભાવની અસ્તિ ગ્રહણ કરે એમાં અનંતી નાસ્તિ થઈ જાય. ૪.

✻ પ્રશ્ન : દ્રવ્યકી અસ્તિ ગ્રહણ કરના?

● ઉત્તર : દ્રવ્ય-જ્ઞાયક. જ્ઞાયકકો ગ્રહણ કરના, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરના. દ્રવ્યકી અસ્તિકો ગ્રહણ કરના, ગુણકા ભેદ ઉપર દૃષ્ટિ નહીં. દ્રવ્ય ગ્રહણ કરના. ૫.

✻ પ્રશ્ન : દ્રવ્યકર્મ, નોકર્મ અને ભાવકર્મ ત્રણેથી એકસાથે ભેદ કરવાનો. તો એમાં શું તફાવત છે?

● ઉત્તર : અંદરમાં જાય, એકત્વબુદ્ધિ છે હજી. વિભાવ સાથે જ્યાં એકત્વબુદ્ધિ છે, તેમ બધા પરપદાર્થો સાથે એકત્વબુદ્ધિ છે. સ્થૂળ વિષે એકત્વ માનતો નથી. પણ એમાં એકત્વબુદ્ધિ—પરપદાર્થ જે વિભાવ છે. એક પણ પદાર્થ સાથે (ભેદ નથી) બધાય સાથે એકત્વબુદ્ધિ છે. એ જુદો નથી પડ્યો કારણ કે રાગ છે એ પોતાનો સ્વભાવ નથી, દ્રવ્યકર્મના નિમિત્તે ભાવકર્મરૂપે એ પરિણમે છે પોતે. પણ એ પોતાનો સ્વભાવ નથી. દ્રવ્યદૃષ્ટિએ જુઓ તો વિભાવ પણ પોતાથી જુદો છે. તો એની સાથે જ્યાં એકત્વબુદ્ધિ છે, એક તરફ જ્યાં ઊભો છે, પર તરફ દૃષ્ટિ કરીને, ઉપયોગ પર તરફ. એને એમ લાગે કે હું બધાથી જુદો પડ્યો અને વિભાવ સાથે એકત્વબુદ્ધિ છે એટલું જ (બાકી) રહ્યું છે, પણ એનો ઉપયોગ જ્યાં એકત્વબુદ્ધિ એક ઠેકાણે કરી રહ્યો છે તો એ બધે ઠેકાણે એકત્વબુદ્ધિ ઊભી જ છે એમ

આવી જાય છે. અને (વિભાવથી) છૂટ્યો ત્યારે બધાથી છૂટેલો જ છે. વિભાવથી છૂટે એટલે બધાંથી છૂટી ગયો છે. પણ સ્થૂળ રીતે એને શરીરાદિથી, બહારના પરદ્રવ્યોથી—એનાથી એને છૂટેલો લાગે પણ એ વાસ્તવિક છૂટ્ટો નથી. કારણ કે દૃષ્ટિ જે પર તરફ છે, એ એક પણ પરપદાર્થ સાથે એકત્વબુદ્ધિ છે એટલે બધા પર એમાં આવી જ જાય છે. ૬.

*** પ્રશ્ન : જ્ઞાન અને રાગ જે રીતે જુદા જણાય છે, તેવી રીતે દ્રવ્યકર્મ અને ભાવકર્મ એમ જુદા જણાઈ શકે ખરા?**

● ઉત્તર : એ ભાવકર્મ એટલે રાગ અને જ્ઞાન—રાગ તો એની કલુષિતતા છે, અને જ્ઞાન છે તે પોતે જાણનાર છે. બેય પોતાના વેદનમાં આવે છે. એ જેવા જુદા છે એમ એ (ઓલા દ્રવ્ય જુદા) એ કંઈ એને દેખાતા નથી. દ્રવ્યકર્મ એ કંઈ એને દેખાતા નથી પણ એ ભાવ જે વિભાવ છે એ પોતાનો સ્વભાવ નથી. એનું નિમિત્ત દ્રવ્યકર્મ છે. એમ એને નક્કી થાય છે કે આનું નિમિત્ત જડ વસ્તુ છે. એ કાંઈ એના જ્ઞાનમાં એને સ્વાદ નથી આવતો જડ (કર્મનો). એને તો વિભાવિક પરિણતિનો સ્વાદ આવે છે. 'વિભાવિક પરિણતિનો સ્વાદ જે છે એ હું નથી, હું જ્ઞાન છું. હું તો જાણનારો છું, અને આ જે વિપરીત સ્વાદ આવે છે એ મારો નથી' એ સ્વાદ પોતાનો નથી તો કોનો? એનું નિમિત્ત જે છે એ નિમિત્તનો સ્વાદ છે. એ મારો નથી. એ કાંઈ જડકર્મ દેખાતું નથી. જડકર્મ તો સૂક્ષ્મ છે. એ તો એ નક્કી કરે છે કે આ નિમિત્ત છે કોઈ, આ ભાવકર્મ જે છે એનું નિમિત્ત છે કોઈ. એ મારો મૂળ સ્વભાવ નથી. ભેદજ્ઞાન—ચૈતન્ય સાથે વિભાવિક પરિણતિનું જ ભેદજ્ઞાન કરવાનું રહે છે. એ દ્રવ્યકર્મનું ભેદજ્ઞાન તેમાં ભેગું આવી જાય છે. ભાવકર્મથી ભેદજ્ઞાન થાય એટલે દ્રવ્યકર્મનો ભેદ ભેગો આવી જાય છે. એને જુદું ભેદજ્ઞાન એનું કરવું નથી પડતું. ભાવનું ભેદજ્ઞાન થયું એટલે એ દ્રવ્યકર્મનું ભેદજ્ઞાન ભેગું આવી જાય છે. આ શરીર જડ છે. એનાથી જુદો પડે છે અને ભાવકર્મથી જુદો

પડે એટલે દ્રવ્યકર્મનું ભેદજ્ઞાન એમાં ભેગું થઈ જાય છે. ૭.

✱ પ્રશ્ન : એક આધ્યાત્મિક જિજ્ઞાસા છે જેના વિષે આપના શ્રીમુખે–માંગલિકરૂપે બે શબ્દો સાંભળવા અમે ઉત્સુક છીએ. પ્રશ્ન છેકે રાગાદિ ભાવો હોવા છતાં તે જ વખતે આત્મા શુદ્ધ કેમ હોઈ શકે ? અને તે રાગ અને આત્માની ભિન્નતા કઈ રીતે સમજી શકાય ? અને અનાદિકાળથી રાગ–દ્વેષ સાથે એકતારૂપે પરિણમતો આત્મા ભિન્નપણે કઈ વિધિએ પરિણમે ? એ આપ સમજાવવા કૃપા કરશો.

● ઉત્તર : ગુરુદેવે ઘણું (સમજાવ્યું છે) રાગાદિથી ભિન્ન આત્મા કેવો હોય તે ગુરુદેવે ઘણું સમજાવ્યું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે. હું તો ગુરુદેવનો દાસ છું. ગુરુદેવે સૂક્ષ્મમાં સૂક્ષ્મ ન્યાયો કહ્યા છે. શાસ્ત્રોના રહસ્યો ગુરુદેવે ખોલ્યા છે. રાગાદિક હોવા છતાં પણ શુદ્ધ આત્મા કેમ છે ? તે ગુરુદેવે બહુ સ્પષ્ટ કરીને સમજાવ્યું છે. જે વખતે રાગાદિક છે તે જ વખતે આત્મામાં શુદ્ધતા છે. આત્મા દ્રવ્યથી તો શુદ્ધ છે, પણ પર્યાયમાં અશુદ્ધ છે. દ્રવ્ય કાંઈ અશુદ્ધ થઈ ગયું નથી. દ્રવ્ય તો સ્વભાવે શુદ્ધ જ છે. પણ રાગની એકત્વબુદ્ધિને લઈને, પર તરફની રુચિને લઈને એ ખ્યાલમાં આવતો નથી. એમાં ભેદજ્ઞાન કરે તો થઈ શકે એમ છે. એના તરફની જિજ્ઞાસા, ભાવના, આત્માની રુચિ લગાડે, પર તરફની મહિમા છૂટી જાય અને જ્ઞાયકની મહિમા લાગે તો એ જ્ઞાયક સમજાય એવો છે. મહિમા લાગે, એવી જાતના વિચાર કરે, એ જાતના તત્ત્વનું ચિંતવન રહે, તો સમજાય એવો છે, જિનેન્દ્રદેવ, ગુરુ, શાસ્ત્ર બધાએ માર્ગ બતાવ્યો છે. એ માર્ગ ક્યો બતાવ્યો છે એ પોતે વિચાર કરીને તત્ત્વથી નિર્ણય કરે અને વિચાર કરે તો જ્ઞાયક સ્વભાવ તે વખતે જ હાજર છે. જે વખતે રાગાદિક છે તે જ વખતે શુદ્ધતા ભરી છે, તે શુદ્ધાત્મા શુદ્ધસ્વરૂપથી ભરેલો છે. એમાં દ્રવ્ય અપેક્ષાએ અશુદ્ધતા થઈ નથી, પણ પર્યાયમાં અશુદ્ધતા છે, એ ચૈતન્યદેવ—એ જ્ઞાયકદેવ પોતે દેવરૂપે બિરાજમાન

છે. જિનેન્દ્રદેવે જ્ઞાયકદેવ બતાવ્યો છે. ગુરુદેવે એ દિવ્યમૂર્તિ જ્ઞાયકદેવનું સ્વરૂપ બતાવ્યું છે. (જ્ઞાયક) રાગાદિકમાં બધી રીતે રાગરૂપે થયો નથી. તે જ વખતે એ દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધ છે. એનો સ્વભાવ નાશ થયો નથી, સ્વભાવ તો અનાદિ અનંત શુદ્ધ છે. પાણી ગરમ થાય અગ્નિના નિમિત્તે તો પણ પાણીની શીતળતાનો સ્વભાવ જતો નથી. તેમ આત્મા જ્ઞાયકસ્વભાવ અનાદિ અનંત છે, એની જ્ઞાયકતાનો નાશ થતો નથી, એ અનંત ગુણોથી ભરપૂર અપૂર્વ મહિમાવંત આત્મા છે. એની મહિમા કરે, એનો વિચાર કરે. એ તત્ત્વથી એનો વિચાર કરીને નિર્ણય કરે, એમાં લીનતા કરે, એનું ભેદજ્ઞાન કરે તો એ સમજાય એવો છે. એકત્વબુદ્ધિ હોવા છતાં, વિભાવ હોવા છતાં પણ એનો (સ્વભાવનો) નાશ થયો નથી. એ તો એવોને એવો અનાદિ અનંત છે, એનું ભેદજ્ઞાન કરે એમ ગુરુદેવે (કહ્યું છે). જેમ સ્ફટિક સ્વભાવે શુદ્ધ અને નિર્મળ છે, પણ પરના નિમિત્તે લાલ અને કાળા જે પ્રતિબિંબો પડે એ પ્રતિબિંબરૂપે પરિણમન સ્ફટિકનું (થાય) પણ સ્ફટિકનો મૂળ સ્વભાવ એ સ્ફટિકત્વ છોડીને, એની નિર્મળતા છોડીને રંગરૂપે થતો નથી. એમ આત્મા પોતાનો દ્રવ્ય સ્વભાવ જ્ઞાનસ્વરૂપ છે, શુદ્ધ છે, એને છોડીને એ કાંઈ વિભાવરૂપે થયો નથી. એનું ભેદજ્ઞાન થઈ શકે એમ છે. એકત્વબુદ્ધિ હોવા છતાં એ જુદો જુએ કે 'જેટલું જ્ઞાન છે તે જ હું છું. આ જ્ઞાન સિવાયનું બધું જે રાગ-દ્વેષાદિ છે એ મારું સ્વરૂપ જ નથી.' શુભાશુભ વિકલ્પથી પણ જુદો, ગુણભેદ, પર્યાયભેદ જે પડે એને જાણે, વિભાવથી સ્વભાવ જુદો, ગુણ અને પર્યાયભેદથી એને લક્ષથી લક્ષણભેદ અને અંશ અંશીનો ભેદ છે. બાકી એ કથંચિત્ ગુણની સાથે ભેદ છે. ગુણ અને દ્રવ્ય અભેદ છે અને પર્યાય પણ તેની સાથે અભેદ છે. પણ કથંચિત્ ભેદ છે. લક્ષણથી અને અંશ અંશીનો ભેદ છે. દ્રવ્ય અનાદિ અનંત શાશ્વત છે અને અભેદ છે અને ગુણ કોઈ અપેક્ષાએ એનામાં લક્ષણ ભેદ અને અંશ અંશીનો ભેદ છે.

પર્યાય પલટાય છે જ્યારે દ્રવ્ય એકસરખું રહે છે. એવો અનાદિ અનંત ભેદ છે. વિભાવ અને સ્વભાવનો ભેદ છે. એ બધાથી જ્ઞાન કરી, પ્રતીત કરીને અંદર જાય તો એ ઓળખાય એવો છે.

જે શુદ્ધ જાણે આત્મને, તે શુદ્ધ આત્મા જ મેળવે.' (એટલે) જે આત્માને શુદ્ધ જાણે તે આત્માની શુદ્ધ પર્યાય પ્રગટ કરે છે. 'હું શુદ્ધાત્માનો અનુભવ કરું છું.' રાગમાં શુદ્ધાત્માનો અનુભવ નથી. દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધ આત્મા હાજર છે. પણ એની પર્યાય જો પલટાય, જ્ઞાયકની પરિણતિ પલટાય—જ્ઞાયક—જ્ઞાયકની પરિણતિ જ્ઞાયકરૂપે થઈ જાય તો એમાં એની જ્ઞાતાની ધારા પ્રગટ થાય અને સ્વાનુભૂતિ પ્રગટ થાય અને એમાં જ એને મુક્તિનો માર્ગ મળે છે અને આ બધું એને જ માટે છે. એ જો ધગશ કરે તો અંતર્મુહૂર્તમાં થાય છે અને ન કરે તો એને કાળ જાય છે. પણ પોતાની પુરુષાર્થની કચાશ છે માટે થતું નથી. ગુરુદેવે માર્ગ બતાવ્યો છે. એ માર્ગની વારંવાર પોતે પ્રતીત કરીને જ્ઞાયકનું લઢણ કરે, તો એ પ્રગટ થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા લક્ષમાં એને શુભભાવમાં રાખે, ભલે શુભભાવથી આત્માનો સ્વભાવ જુદો પણ વચ્ચે શુભભાવો અશુભથી બચવા માટે આવે છે, અને એ આવે છે, પણ પોતાનો સ્વભાવ નથી. એ હેયબુદ્ધિએ આવે છે, પણ વચ્ચે દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા, તત્ત્વનું ચિંતવન એ જિજ્ઞાસુની ભૂમિકામાં હોય છે. જ્ઞાયકમાં જ્ઞેય હોય છે. ૮.

❀ બહેનશ્રી : આ કાંઈ કોઈને દેખાડવાનો માર્ગ નથી. ખોટો સંતોષાઈ જાય એવો કોઈ માર્ગ નથી. અંતરથી આવવું જોઈએ. સાચો આત્માર્થી હોય એની દૃષ્ટિ અંદર જ કર્યા કરે છે. કાંઈ હજુ નથી લાગતું. પોતે સાચો આત્માર્થી છે તે આ રીતે વિચારે છે. આ મારા માટે છે કે કોઈના માટે છે કાંઈ? અત્યારે હું જો રોકાઈ જાઉં તો એનું એ જ પાછા મરણ અને આ બધું ઊભું જ છે એનું. મારા માટે છે કે કોઈના માટે છે? ૯.

❀ બહેનશ્રી : બે દ્રવ્ય જુદા. જેમ બે માણસો જુદા દેખાય.

જેમ ભીંત જુદી દેખાય તેમ જુદા દેખાય. શરીર અને આત્મા બે દ્રવ્ય અત્યંત જુદા છે. એમ શરીર જુદું દેખાય. આત્મા જુદો છે એની અત્યંત (દૃઢ) શ્રદ્ધા છે. આ જ્ઞાયક જુદો અને આ જડ તત્ત્વ શરીર જુદું બેય દેખાય છે. ૧૦.

**✻ પ્રશ્ન : સ્વભાવનું વેદન થાય છે એટલે શરીર જુદું દેખાય છે?**

● ઉત્તર : સ્વભાવનું વેદન થાય છે. એટલે જુદું દેખાય છે અને પોતે યથાર્થ આત્માને ઓળખ્યો છે માટે જુદું દેખાય છે. બે તત્ત્વને જુદા એણે જાણ્યા છે, જુદી પ્રતીત થઈ શકે છે. જુદી જ્ઞાયકની પરિણતિ પ્રગટ થઈ છે, માટે જુદું દેખાય છે અને વેદન છે, બધું છે, વેદન છે, જ્ઞાન છે, બધું છે, પ્રતીત છે. ૧૧.

**✻ પ્રશ્ન : અજ્ઞાનીને જેમ શરીરમાં એકત્વબુદ્ધિ છે, તેમ જ્ઞાનીને આત્મામાં એકત્વબુદ્ધિ થઈ ગઈ છે?**

● ઉત્તર : આત્મામાં એકત્વ અને પરથી વિભક્ત 'હું મારા ચૈતન્યની સાથે, હું મારા પોતાના ગુણો સાથે એક છું, હું મારા સ્વભાવમાં એકત્વ છું અને પરથી વિભક્ત છું.' એવું એકત્વ છે. પરથી, શરીરથી જુદાપણું છે. ૧૨.

**✻ પ્રશ્ન : માતાજી ! રાગ પણ સ્વરૂપની અપેક્ષાએ જુદો છે?**

● ઉત્તર : જુદો છે, અત્યંત જુદો છે. સ્વરૂપ અપેક્ષાએ અત્યંત જુદો છે. એને ખ્યાલ આવે કે રાગરૂપ પરિણતિ પોતાના પુરુષાર્થની મંદતાએ થાય છે, માટે એ મારી પર્યાયમાં છે. એ ખ્યાલ છે, પણ સ્વભાવભેદ અપેક્ષાએ અત્યંત જુદો છે. એનો સ્વભાવ અને મારો સ્વભાવ જુદો—માટે અત્યંત જુદો છે. ૧૩.

**✻ પ્રશ્ન : રાગ ઊભો થાય ત્યારે જ સ્વભાવ ભેદ અપેક્ષાએ તો જુદો જ છે?**

● ઉત્તર : જુદો, અત્યંત જુદો છે. અત્યંત જુદો જણાય છે. આ ઊભો થાય એ ક્ષણે. 'મારો જ્ઞાયક જુદો અને રાગ જુદો છે.'

રાગ જે ક્ષણે ઊભો થાય એ જ ક્ષણે એની જ્ઞાયક પરિણતિની હાજરી હોય છે. અને એ જ ક્ષણે જુદો જણાય છે. એને ખ્યાલ છે કે મારા પુરુષાર્થની મંદતાએ આ ઊભો થાય છે. આ મારો સ્વભાવ નથી. શરીર જુદું, દ્રવ્યકર્મ જુદા, ભાવકર્મ જુદા—બધાથી જુદો, અત્યંત જુદો. એ પુરુષાર્થની મંદતાએ થાય છે. એ અપેક્ષાએ એને ખ્યાલમાં આવે છે. અત્યંત જુદો છે ચૈતન્યથી. એને અપેક્ષા ખ્યાલમાં છે. પણ જુદો અત્યંત છે. દૃષ્ટિની અપેક્ષાએ અત્યંત જુદો છે. દ્રવ્યની અપેક્ષાએ આ મારો સ્વભાવ નથી. હું એનાથી અત્યંત જુદો છું. 'હું જ્ઞાયક—જાણવાવાળો વીતરાગ ઉદાસીન જ્ઞાતા છું. રાગ મારો સ્વભાવ નથી.' ૧૪.

* પ્રશ્ન : માતાજી! રાગ મારો, રાગ મારો, મારો, મારો કહેવા છતાં જીવની અપેક્ષામાં ઘણો ફેર છે?

● ઉત્તર : 'રાગ ખરેખર મારો નથી. જ્ઞાયક ખરેખર મારો છે. જ્ઞાયક તે હું જ છું. જ્ઞાયક મારો જ છે' એ બરાબર છે અને 'રાગ મારો એમ નથી. રાગ મારો છે જ નહીં, એ અત્યંત જુદો છે.' પરિણતિની અપેક્ષાએ (રાગ મારો) કહેવાય છે. ૧૫

❀ બહેનશ્રી : અંદરમાં જે કળા પોતે આ સ્વભાવ અને વિભાવની કળા—એને જુદો કેમ પાડવો એ કંઈ એમાં સ્થૂળ—ઝાઝી ક્રિયાઓ કરે કે બહુ બહારથી કષ્ટ કરે કે એવું કરે તો કંઈ હાથમાં આવે એવું નથી. એ તો બહુ ઝાઝા ઉપવાસ કરે કે એવું બધું શરીરના કષ્ટ કરવાથી કાંઈ હાથમાં આવે એવું નથી. પણ અંદરમાં પોતાને યથાર્થ લાગ્યું હોય, યથાર્થ લગની લાગી હોય, મારે આત્મા સિવાય કાંઈ જોઈતું જ નથી, એવી જાતનું લાગ્યું હોય એને અંદરથી ભેદજ્ઞાનની કળા અને કેવી રીતે જુદો પાડવો, એ જાતનો પુરુષાર્થ અને એની કળા એને હાથમાં આવે છે. એટલે એ એમ છે કે એ કળા એટલે કાંઈ પોતાને લાગી ન હોય અને એમ ને એમ કળામાં આવે એવું નથી. એ તો અંદર લગની લાગી હોય તો હાથમાં આવે. કળાનો

અર્થ એમ છે કે બહારના બહુ ઉપવાસ કરે કે ત્યાગ કરે એવા સ્થૂળ કષ્ટ ક્રિયાઓ કરવાથી હાથમાં આવે એવું નથી. પણ અંદર લગની લાગી હોય તો એ જ્ઞાનની કળા હાથમાં આવે, તો પુરુષાર્થની કળા પ્રગટ થાય એમ છે. એમ છે એનો અર્થ. ૧૬.

✻ પ્રશ્ન : સ્વભાવને પકડવાની કળા એ જ્ઞાન દ્વારા થાય?

● ઉત્તર : એ જ્ઞાન દ્વારા જ થાય. જે થાય છે તે બધું જ્ઞાન દ્વારા. પણ જ્ઞાનની સાથે અંદર એટલું જ્ઞાન મુખ્ય હોવા છતાં પણ એને એટલી વિરક્તિ. અંદરથી વિરક્ત—એવો વૈરાગ્ય, એવી જિજ્ઞાસા, એટલી લગની, એટલી મહિમા બધું એની સાથે હોય છે. યથાર્થ રીતે કંઈ લાગે અને બોલવારૂપે ગ્રહણ થાય એમાં કાંઈ સાચી કળા હાથમાં આવતી નથી. અંદરથી લાગવું જોઈએ તો હાથમાં આવે. ૧૭.

✻ પ્રશ્ન : અંતરના પ્રકારમાં આ ફેર પડી ગયો બધો?

● ઉત્તર : અંતરમાંથી એની ભાવનાની ઉગ્રતા થવી જોઈએ તો હાથમાં આવે. ધીરો થઈને જુએ. એ લગની લાગી હોય એ જુએ, સાચો માર્ગ ગ્રહણ કરવો છે. એમ સમજ્યા વગર ચાલવા માંડે તો ક્યાં જાય? ક્યાંય ઊંધી દિશામાં જાય. દિશા પોતે પોતાના સ્વભાવ તરફની દિશા ધીરો થઈને અંદર ઓળખે તો એ તરફ પુરુષાર્થની કળા હાથ આવે, ધીરો થઈને જુએ, પોતાને ઓળખવા માટે થઈને. આ જ્ઞાન છે અને આ વિભાવ છે' એને માટે ધીરો થઈને એની લગની લગાડે તો—એ ધીરો થાય તો એની લગની થાય—એમ ઉતાવળ કર્યા કરે, એમ આકુળતા કર્યા કરે, એમ કર્યા કરે કેમ ગ્રહણ નથી થતું? એમ ગ્રહણ ન થાય. ધીરો થઈને સ્વભાવને ઓળખે તો થાય, ઓલા ગૂંચવાયેલા દોરા હોય ને? એને ઓળખવામાં છેડો પકડવા માટે ધીરો થાય તો એને છેડો હાથમાં આવે. ઉતાવળ કરે તો વધારે ગૂંચવાતું જાય. એટલી અંદર લગની લાગવી જોઈએ. તો થાય, 'જલદી કરી લેવું છે.' એમ કરીને વગર સમજે કરવા માંડે તો એમ

કાંઈ થાતું નથી. પોતે અંદર ધીરો થાય, જિજ્ઞાસા લગાડે, લગની લગાડે તો થાય એટલી અંદર વિરક્તિ આપવી જોઈએ, વૈરાગ્ય આવવો જોઈએ. અંદર ક્યાંય વિભાવમાં રુચિ લાગે નહીં. સ્વભાવની મહિમા આવે, વિભાવની મહિમા છૂટી જાય એમ નક્કી થવું જોઈએ. સમજ પીછે સબ સરલ હૈ, બિન સમજે મુશ્કિલ. સમજ્યા પછી એને માર્ગ સીધો થાય છે. પહેલાં સમજતો નથી એટલે ગૂંચવાયા કરે છે. પોતે જ છે. કાંઈ બહાર ગોતવા જવું પડે એમ નથી. વચ્ચે બધું ત્યાગ (વગેરે) આવે, પણ એમ કરવાથી, ઝાઝું બધું બહારથી કષ્ટ ક્રિયાઓ કરે. વનમાં જાય, આમ કરે, તેમ કરે, તો એમ નથી થતું. આ તો ધીરો થઈને પોતાના સ્વભાવને ગ્રહણ કરવો જોઈએ. 'યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લિયો.' બધું કર્યું. ત્યાગ કર્યો, વૈરાગ્ય કર્યો, શાસ્ત્રના ન્યાય અને ખંડન અને મંડન અને બધું જાણ્યું. 'મન પૌન નિરોધ સ્વબોધ કિયો' ધ્યાન અને આ બધું કર્યું. પણ અંદરથી ધીરો થઈને સ્વભાવને લગની લગાડીને અંદરથી જે ગ્રહણ કરવું જોઈએ એ અંદરથી ગ્રહણ કર્યું નહીં. ૧૮.

❀ ભક્તિ : એ..... ચક્રવર્તીકી સંપદા, ઈન્દ્ર સરીખા ભોગ,
એ...કાગવિષ્ટ સમ ગિનત હૈ, સમ્યગ્દૃષ્ટિ લોગ.

બહેનશ્રી : આ શરીર જુદું અને આત્મા જુદો—બે વસ્તુ જુદી છે. બે તત્ત્વ જુદા છે. શરીર તો જડ કાંઈ જણાતું નથી. જાણનારો આત્મા છે. એમાં જ બધું ભરેલું છે. એમાં શાંતિ છે, આનંદ છે, જ્ઞાન છે, બધું આત્મામાં જ છે. એને ઓળખવા માટે થઈને એની મહિમા અંદર આવે, આ કોઈ બહાર મહિમાવંત વસ્તુ નથી. એ તો કોઈ પૂર્વના ઉદયે ભેગું થાય અને પૂર્વના પુણ્ય-પાપના ઉદય હોય એમ બધું છૂટું પડે છે. એમાં પોતાનું કાંઈ ચાલતું નથી. માટે આત્મા કોણ છે? આત્મા શાશ્વતો નિત્ય છે. એને વિચાર કરી, વાંચન કરી નક્કી કરવું, કે 'જે વિકલ્પ આવે એ વિકલ્પથી પણ હું જુદો છું. હું તો સિદ્ધ

ભગવાન જેવો આત્મા છું.' 'હું તો આત્મા જાણનારો જ્ઞાયક' એની મહિમા કરવી. વારંવાર એને યાદ કરી વિચાર કરવો કે 'આ જે જ્ઞાન લક્ષણ છે એ હું છું. જાણનારો છે એ હું છું—એ સિવાયનું બીજું કાંઈ મારું નથી. હું બધાથી જુદો છું. અંદર વિકલ્પ આવે એ પણ મારું સ્વરૂપ નથી. હું તો બધાથી જુદો છું. એટલે એ વિકલ્પથી પણ છુટ્ટો પાડવાનો પ્રયત્ન કરીને હું તો જાણનારો, જાણનારો છું' એ જાણનારો છે એ લૂખો જાણનારો નથી. પણ અંદર મહિમાથી ભરેલો છે. તને દેખાય નહીં ભલે, પણ અંદર આનંદ, શાંતિ આદિ અનંતા ગુણો ભરેલા છે. એવો જાણનારો પોતે જ્ઞાયક દેવ છે. દિવ્ય સ્વરૂપથી ભરેલો છે. એને જાણવા માટે થઈને વાંચન કરવું, સમજાય એવા પુસ્તકો વાંચવા. ગુરુદેવના પ્રવચનો કે જેમાં સમજાય, જેમાં આત્માની વાત આવતી હોય એવા શાસ્ત્ર વાંચવા, વિચારવા વારંવાર એટલે વિચાર આવે, મન ત્યાં પરોવાય એટલે શાંતિ મળે. અંદર આત્મા કેમ ઓળખાય તેના વિચારો કર્યા કરવા. એની લગની લગાડવી. એની જિજ્ઞાસા કરવી એ તરફ મન વાળી લેવું. આ બધું બહારનું છે. એ તો બધું તુચ્છ છે. સારભૂત જીવનમાં હોય તો એક આત્મા જ છે. એમ આત્માને ઓળખવા માટે પ્રયત્ન કરવો, વિચાર વાંચન કરવું. ૧૯.

**✻ પ્રશ્ન : પહેલા ભેદજ્ઞાન કઈ રીતે કરવું? શરીરથી ? કે બહારના પદાર્થ જે પ્રતિકૂળ હોય એનાથી ભેદજ્ઞાન થઈ શકે પહેલાં ?**

● ઉત્તર : એ તો ક્રમ કહેવાય છે પણ અંતરથી જ્યારે ભેદજ્ઞાન થાય ત્યારે જ સાચું ભેદજ્ઞાન થાય. બાકી આમ વિચાર કરો, 'આ શરીરથી હું જુદો છું, આ બહારના પદાર્થથી હું જુદો છું. એ કાંઈ જાણતાં નથી, જાણનારો હું જુદો છું' એમ પહેલાં વિચાર કરે કે 'આ શરીર તો જડ, કાંઈ જાણતું નથી. હું તો જાણનારો જુદો. આ બહારના પરદ્રવ્ય મારાથી અત્યંત જુદા છે. આ શરીર પણ જુદું તો બહારની તો ક્યાં વાત કરવી? એનાથી પણ જુદું, શરીરથી જુદો.

પણ અંતરમાં આકુળતા જે વિકલ્પોની ઉઠે એ વિકલ્પથી મારો સ્વભાવ જુદો છે. હું તો નિર્વિકલ્પ તત્ત્વ છું.' (એમ વિચારે) ત્યારે એને ભેદજ્ઞાન સાચું થાય છે. આટલું કરે તો હજુ સ્થૂળ થયું છે કે પરદ્રવ્યથી જુદો અને શરીરથી જુદો. અંદર જે હજુ સૂક્ષ્મભાવો છે એ ભાવો જે શુભાશુભ એનાથી પણ મારો સ્વભાવ જુદો છે એમ પ્રતીત થાય, એવી પરિણતિ થાય ત્યારે ભેદજ્ઞાન થાય. આ બધા ચૈતન્ય નથી, આ બધાથી હું જુદો છું. ૨૦.

✻ પ્રશ્ન : પોતાના સ્વભાવથી પણ ભિન્નતા છે?

● ઉત્તર : પોતાના સ્વભાવથી ભિન્નતા નહીં, વિભાવથી. વિભાવના સ્વભાવથી. પોતાનો સ્વભાવ એ તો પોતે જ છે. એ વાંચન, વિચાર, ભક્તિ, વૈરાગ્ય એ બધું સાથે હોય છે. ચૈતન્ય તત્ત્વને ઓળખે. ધ્યેય એક આત્મા કેમ ઓળખાય? બધું સાથે હોય છે. શુભભાવો હોય પણ અંતરમાં શુદ્ધાત્મા કેમ ઓળખાય પોતાથી, જ્ઞાયક જ્ઞાયકથી ઓળખાય. જ્ઞાયકને જાણવાનો પુરુષાર્થ કરવો. ૨૧.

✻ પ્રશ્ન : એકદમ (ભેદજ્ઞાન) ઉપડતું કેમ નથી?

● ઉત્તર : એટલી લગની નથી, એટલો પાછો વળ્યો નથી અંતરમાં. બધું (સમવાય) જોઈએ સાથે (એટલે એકદમ ઉપડતું નથી) ૨૨.

✻ પ્રશ્ન : એમ થાય કે ક્યાંય ગમતું નથી.

● ઉત્તર : ગમતું નથી. પણ અંતરમાં પોતા તરફ વળવાની એટલી રુચિ જાગવી જોઈએ ને! ગમે નહીં પણ અંદર એટલો પુરુષાર્થ પોતા તરફનો થવો જોઈએ. એટલો પુરુષાર્થ થતો નથી. ગમે નહીં. સાચું ન ગમે તો અંતરમાં એ માર્ગ કર્યા વગર રહે જ નહીં. ૨૩.

✻ પ્રશ્ન : પોતાના તરફ વળવાનો માર્ગ મળી જ જાય?

● ઉત્તર : હા, માર્ગ મળી જ જાય. ખરું અંદર લાગે તો પુરુષાર્થ શરૂ થાય અંદર. લગની લાગવી જોઈએ અંદર. ક્ષણે ને પળે

એની જ લગની લાગવી જોઈએ. બીજે ક્યાંય રુચે નહીં. એ ક્ષણે ને પળે મારો જ્ઞાયક, જ્ઞાયક ને જ્ઞાયક કેમ ઓળખાય? જ્ઞાયકદેવ–જ્ઞાયક દિવ્ય સ્વરૂપ છે એ મને કેમ ઓળખાય? એટલી જ્ઞાયકની મહિમા લાગવી જોઈએ, એટલી જ્ઞાયકની અંદર લગની લાગવી જોઈએ. ૨૪.

❀ બહેનશ્રી : 'વિભાવ મારા નથી. હું તો એક જ્ઞાયક છું, ચૈતન્ય છું મારે વિભાવ સાથે લાગતું વળગતું નથી. પછી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય એ હું કાંઈ નથી.' એ 'ધર્મ નિર્મમતા' કહે. ધર્માસ્તિ, અધર્માસ્તિ બધાથી (ભેદજ્ઞાન કરતાં) જ્ઞેય-જ્ઞાયકનો સંકરદોષ ટળી ગયો. મારો સ્વભાવ તો કેવો છે? નિજરસથી, મારા નિજસ્વભાવથી મારો ફેલાવ છે. હું બધાને ગ્રસી જાઉં, કોળિયો કરી જવાનો મારો સ્વભાવ છે. એવો મારો જ્ઞાનસ્વભાવ છે. જાણે અંદર ગ્રાસીભૂત થઈ ગયા હોય, બધા સમસ્ત જ્ઞેયો જાણે મારામાં તદાકાર થઈ ગયા હોય એવી જાતનો મારો સ્વભાવ છે. પણ હું એનાથી અંતર્મગ્ન છું. અને એ જાણે બધા અંદરમાં તદાકાર થઈ ગયા હોય કે જાણે અંદર ડૂબી ગયા હોય. (એવું લાગે છે) પણ એ જ્ઞેયો મારામાં આવતા નથી. હું જ્ઞેયથી અત્યંત જુદો છું. મારો સ્વભાવ કેવો? જ્ઞાનસ્વભાવ. નિજરસથી મારો ફેલાવ છે. મારો ફેલાવ જ્ઞાનથી છે. હું જ્ઞાનસ્વભાવી આત્મા છું. જ્ઞાન તો બધા જ્ઞેયોને જાણે છે. એક સમયે બધાને જાણે એવો મારો સ્વભાવ છે. (જ્ઞેયને) ગ્રાસીભૂત–જાણે કોળિયો કરી જાઉં એવો મારો સ્વભાવ છે. સમસ્ત લોકાલોકને જાણવાનો મારો સ્વભાવ છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ એ બધા બાહ્ય તત્ત્વ છે. હું તો અંતર્તત્ત્વ છું. મારા અંતર્તત્વને હું છોડતો નથી. એ બાહ્ય તત્ત્વ મારામાં જણાય, પણ હું એનાથી અત્યંત જુદો છું. એ બધા બાહ્ય તત્ત્વો છે. હું તો અંતર્નિમગ્ન છું. હું બહાર નિમગ્ન થતો જ નથી. મારો સ્વભાવ અનાદિકાળથી બહારમાં નિમગ્ન થયો ભ્રાંતિને લીધે, મારો સ્વભાવ અંતરમાં નિમગ્ન

રહેવાથી મારો સ્વભાવ નિજરસ ફેલાવે છે, એ પ્રગટ થાય છે. હું આત્મા અનાકુળ ચૈતન્ય ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવને અનુભવું છું. હું મારામાં અંતર્નિમગ્ન થાઉં છું. મારું તત્ત્વ જ છોડવા માગતો નથી. મારો સ્વભાવ ટંકોત્કીર્ણ છે. એ કાંઈ છૂટી શકે એવો નથી. હું મારા આત્માને, જ્ઞાનસ્વભાવને, ચૈતન્યતત્ત્વને અનુભવું છું કે હું એક ટંકોત્કીર્ણ જ્ઞાનસ્વભાવ સદા નિરાકુળ આનંદમય છું. એમ ભગવાન આત્મા—પાછો એમ કહે છે. હું એક ભગવાન આત્મા, એ જાણે છે કે હું તો ચૈતન્ય તત્ત્વ. એ અનુભવીને જાણે છે કે હું તો એક ચૈતન્ય તત્ત્વ છું. હું જ્ઞાનસ્વભાવ છું, એ જ્ઞેય ને હું જ્ઞાયક. હું જ્ઞેયથી અત્યંત જુદો, જ્ઞેયરૂપે થતો નથી. જ્ઞેયથી અત્યંત જુદો સ્વભાવે છે મારો. બધા જ્ઞેયો મને જણાય, પણ હું જ્ઞેયરૂપે થતો નથી. એમ કહે છે કે હું બધાથી ભેદજ્ઞાન કરું છું. ભલે ધર્માસ્તિ, અધર્માસ્તિ અત્યારે મને દેખાતા નથી. એ તો અરૂપી છે, દેખાય નહીં ભલે, પણ મારો જ્ઞાનસ્વભાવ એવો છે. બધાને જાણી લે એવો છે. હું જ્ઞેયમાં એક થતો નથી. એવું બધાનું ભેદજ્ઞાન કરું છું. પહેલાથી જ ભેદજ્ઞાન કરું છું, એક વિભાવ જે દેખાય એનાથી ભેદજ્ઞાન કરું એમાં બધા દ્રવ્યોનું ભેદજ્ઞાન આવી જાય છે. જે આ વિભાવભાવ છે તે મારો સ્વભાવ નથી. એની સાથે ધર્માસ્તિ, અધર્માસ્તિ આવી જાય છે. જે છે એ બધાનું ભેદજ્ઞાન કરી નાખું છું. મારો સ્વભાવ તો અનંત અનંત શક્તિથી ભરેલો છે. બધાને જાણવાના સામર્થ્ય-શક્તિવાળો છે તો પણ હું વિભાવથી અત્યંત જુદો છું. એના પ્રત્યે હું એકત્વ થતો નથી. ચૈતન્યમાં એકત્વ—પોતાને પ્રાપ્ત થનારો હું ‘ધર્મ’ પ્રત્યે અત્યંત નિર્મમ છું. મને એમાં મમત્વભાવ નથી. એ બધું જણાય એટલે હું એની મમતા કરતો નથી. કે અહો! આટલું બધું જણાય! આ બધા આવા જ્ઞેયો છે! એમ મને મહિમા નથી આવતો. કેવળજ્ઞાનમાં બધું જણાય એટલે એને મહિમા નથી આવતી. એવો લોકની અંદર આ ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આ બધા ચૈતન્ય દ્રવ્ય અને આ બધાય! એમ

મહિમાથી એમાં પેસવા નથી જતો. કેવળજ્ઞાની તો શેના (પેસવા) જાય? પણ હું અત્યારથી એને છોડી દઉં છું. મને જોઈતા નથી. જ્યારે અનાદિથી આ ભ્રાંતિ—ભ્રમ કરીને બેઠો એને જણાય છે જે જ્ઞેય, એ જ્ઞેયની નજીક જવા જાય છે. પણ જઈ શકતો નથી. જ્ઞેયને ગ્રહણ કરવા જાય છે પોતાને ગ્રહણ કરવાને બદલે. એમાં એને પોતાની મહિમા નથી આવતી. કે અહો! મારો સ્વભાવ આવો! કે હું મારા ક્ષેત્રમાં રહીને આ બધું જાણું છું. આવો મારો સ્વભાવ! મારામાં—આ બધું મારા સમીપમાં મને જણાય છે મારા જ્ઞાનસ્વભાવમાં. આવો મારો જ્ઞાનસ્વભાવ છે. એની મહિમા નથી આવતી અજ્ઞાનીને. જે બહારનું, બહારનું જણાય એની સમીપ જવા જાય છે. અને એમાં દોડવા જાય છે. એમાં આકુળતા કરતો જાય છે. એવી એની બુદ્ધિ છે એ એનો ભ્રમ—એની વૃત્તિ એવી છે, એમાં જ અનાદિનો ગોથા ખાય છે, બહાર ક્યાંય જાય, ક્યાંક જોવાનું હોય, કંઈ મકાન અને કંઈક તો આવું બધું છે? જાણે એની નજીક જઈને જોઈ લઉં, એવી એને કુતૂહલતા થાય છે. જ્ઞેયોને ગ્રહણ કરવા જાય છે. જ્ઞેયોને પકડવા જાય છે. એટલે પોતાને ભૂલ્યો છે અને બહારને ગ્રહણ કરવા જાય છે. એ મૂર્છાઈને લઈને ભમે છે, ફાંફા મારે છે કે જાણે આ બધું દેખાય એની મહિમા એને આવી જાય છે અને પોતાની મહિમા એને છૂટી જાય છે, ત્યારે જેને ભેદજ્ઞાન થયું એ જણાય એનાથી જુદો અને જુદો જ રહે છે કે 'તમે જણાવ ભલે મારામાં,પણ મને તમારી મહિમા નથી આવતી. તમારાથી દૂર રહીને મને મારા સ્વભાવની મહિમા આવે છે કે મારો સ્વભાવ આવો? કે હું સમીપ રહીને તમે મારી આગળ—નજીકમાં મને મારા જ્ઞાનમાં જણાવ છો, મને તમારી સમીપે આવવું નથી પડતું. મારું જ્ઞાન એવું કે હું દૂર રહીને તમને જાણી લઉં છું. હવે મારે શું? હું તમારામાં ભળવા માગતો નથી. મારા સ્વભાવની જ મહિમા છે. એનાથી દૂર રહી એને જાણી લઉં છું.' જ્યારે અજ્ઞાનીને આ ભ્રમ થાય છે કે જે

જણાય એના ઉપર રાગ કરતો જાય છે. એની એકત્વતા કરતો જાય છે. જ્યારે જ્ઞાની પોતાના સ્વભાવમાં એકતાને પ્રાપ્ત કરે છે 'હું તમારા પ્રત્યે નિર્મમ છું. આખી દુનિયાના જગતના જ્ઞેયો મારી સમીપ આવે તો પણ મને એના ઉપર રાગ કે મોહ થતો નથી. હું એનાથી અત્યંત નિરાળો છું.' એ જ્ઞેય-જ્ઞાયકનું ભેદજ્ઞાન કરે એમાં તો એ આવી ગયું કે અજ્ઞાની રાગ કરે છે અને જ્ઞાની રાગ નથી કરતો. અજ્ઞાનીને કુતૂહલતા થાય છે જોવાની, જ્ઞાનીને કુતુહલતા થતી નથી કે 'જાણી લીધા તમને અનાદિકાળથી હું તો મારા સ્વભાવને જાણવા માગું છું. હું મારા સ્વભાવમાં જવા માગું છું. મારો સ્વભાવ તો અંતર્નિમગ્ન છે એ નિમગ્નતામાં તમે જણાઈ જાવ તો જણાઈ જાવ. મને તમારી પરવા પણ નથી. અને એની મને કાંઈ મહિમા પણ નથી. આખો લોકાલોક જણાય જાય તોય મને મહિમા નથી આવતી કે અહો! આ લોકાલોક આવી જાતનો છે? આવા દ્રવ્યો છે? આવા અનંત ચૈતન્ય છે? આવા અનંત પુદ્‌ગલો છે? એ પરમાણુ બદલાય છે. એક સમયની અંદર કેટલી જાતના આવિર્ભાવ પ્રતિચ્છેદરૂપે પલટે છે. આવા ચૈતન્યો એક સમયમાં અવિભાગ પ્રતિચ્છેદરૂપે છે. કોઈ સિદ્ધ ભગવાન અનંતા, કોઈ નિગોદમાં, કોઈ વિભાવરૂપ અને કોઈ સ્વભાવરૂપ. અનેક જાતના રાગ અને વિષયરૂપે જ્ઞેયો દેખાય, તોપણ મને રાગ થતો નથી. એ કે હું શું રાગ કરું? મારા ચૈતન્યમાં જ તમારા કરતાં અનંતી શક્તિ ભરેલી છે. કોઈ જ્ઞેયો ઉપર રાગ આવતો નથી'. પોતે પોતાની ચૈતન્યની મહિમામાં અંતર્નિમગ્ન થઈ જે આવે તેને જાણે. જાણવા પ્રત્યે પણ ઉપેક્ષા છે. પોતે સ્વભાવમાં નિમગ્ન છે. પોતાના ચૈતન્યમાં જે પર્યાયો અને પરિણતિ થાય છે તેનું વેદન કરી રહ્યા છે. તેનું ભેદજ્ઞાન કરી રહ્યા છે. પોતાની સમીપમાંથી જ્ઞેયાકારમાંથી જ્ઞેય-જ્ઞાયકનું ભેદજ્ઞાન કરવાનું છે—પોતે પોતામાં એકત્વ રહીને. ત્યાં અજ્ઞાનીની એ ભ્રમ થાય છે કે જ્ઞેયો દેખાય ને? એની સમીપ જવા જાય છે. એમાં ભૂલ ખાય છે, એમાં નિરાળો

રહેતો નથી. એકતા પ્રાપ્ત કરવા જાય છે, દોડવા જાય છે એની સાથે જે જ્ઞેયો દેખાય છે એની સામે જ દોડવા જાય છે કે જે આવે એને ગ્રહણ કરવું છે ગ્રહણ થતું નથી પણ છતાં ગ્રહણ કરવા જાય છે એ એની મૂર્ખાઈ છે. પછી એવી મૂર્ખાઈ થઈ જાય એની સાથે એકતાબુદ્ધિ થઈ જાય કે જાણે આ ગ્રહણ કર્યું તેને છોડવું કેમ? પછી કહે કે 'મને છોડ' પણ તે જ ગ્રહણ કર્યું છે (તો તું છોડ) એવો થઈ જાય છે. કાળ, ધર્માસ્તિ, અધર્માસ્તિ—એ તો બધા અરૂપી જ છે. પણ અનાદિથી આ પુદ્ગલ દ્રવ્યમાં એકતાબુદ્ધિ કરી લે છે. એક પુદ્ગલ સાથે નિરાળો થયો તો બધા દ્રવ્યો સાથે હું નિરાળો થઈ જાઉં છું, મને કોઈની મહિમા આવતી નથી. જ્ઞેય-જ્ઞાયકનો સંકરદોષ ટળી જાય. મારા સ્વભાવથી જ મારો ફેલાવ છે. બધાને કોળિયો કરી જવાનો મારો સ્વભાવ છે. એમાં તમારી મહિમા શું મને આવે? બધાને ક્યાંય એક કોળિયાની માફક ગ્રાસી જાઉં એવો સ્વભાવ તો અનંત નિધિથી ભરેલો એવા અનંત લોકાલોક હોય તો પણ જણાઈ જાય એવો મારો સ્વભાવ છે. એટલે હું તો તારાથી અધિકને અધિક છું એ અંતર્નિમગ્ન થઈને. ઓલું તો બાહ્ય તત્ત્વ બાહ્યને બાહ્ય રાખે છે અને અંતરને અંતર રાખે છે. 'મોહ'ની સાથે પછી બધા જ્ઞેયો લીધા છે કે જ્ઞેયોમાં અટકતો જાય છે. જે જણાય છે. કાંઈક જણાય તો આ કેવું સરસ છે? આ કેવું સરસ છે? એવું એને થઈ જાય છે અદરમાં હોય તો થાય કે (બહારથી આવે?) એ જ્ઞેયોની સાથે આ કેવું સરસ છે? અરે! તું કેવો સરસ છે એ નથી જોતો. અને પરનું બધું જોયા કરે છે એવી એને ટેવ પડી ગઈ છે. પોતાને જાણવાની કુતૂહલતા કરતો નથી અને પરને જાણવાની કુતૂહલતા કરે છે. જ્ઞાની ભેદજ્ઞાન કરે છે કે હા! કે એનાથી જુદો, જુદો છું'—મોહ નિર્મમતા- ધર્મ નિર્મમતા—મમત્વબુદ્ધિ તોડી નાખે છે. એના ઉપર દૃષ્ટિ પણ દેતો નથી. દૂર અને દૂર રહે છે. સહજ જણાઈ જાય છે ભેદજ્ઞાનની સાધકદશામાં તો. ધર્માસ્તિ અને અધર્માસ્તિ તો અરૂપી છે તોપણ એ

પહેલાથી એને પ્રતીતમાં બધું આવી જાય છે. બધા જ્ઞેયોને તુચ્છ (જાણે છે), બધા જ્ઞેયોથી નિરાળો થાય છે, તેમાં જ્ઞેયોની મહિમા નથી. 'અનંત અનંત જ્ઞેયો જણાય છે. તો મહિમા તો મારા ચૈતન્યની છે. તારી જ્ઞેયોની મહિમા નથી. હું તારામાં એકતા નથી કરતો. મને એકત્વબુદ્ધિમાં રાખવો નથી' એમાં અટકતું પોતાનું વિશાળ જ્ઞાન એને રોકી રાખે છે. નિરાળો રહે તો જ્ઞાન અજ્ઞાનપણે જાણે છે. જે જ્ઞાન એક એક જ્ઞેયોમાં એટકે છે. તે વિશાળ જ્ઞાનને ખંડખંડ કરી નાખે છે. અખંડજ્ઞાન છે અને પોતે રોકાઈ રહે છે. ૨૫.

* પ્રશ્ન : હે પૂજ્ય ભગવતી માતા! આ કાળમાં જીવો અતિ સ્થૂળ બુદ્ધિના છે, આથી તેઓ કેમ કરીને રાગ અને આત્માનું ભેદજ્ઞાન કરી શકે, તે આપ કૃપા કરીને સમજાવશોજી.

● ઉત્તર : સ્થૂળ બુદ્ધિના જીવો છે એટલે સમજી ન શકાય એવું નથી. ગુરુદેવે તો ઘણું આ પંચમકાળમાં પધારીને (કહ્યું છે). એમનો ઉપકાર છે—ઘણું સમજાવ્યું છે. કાંઈ શંકા રહે એવું નથી એટલું સ્પષ્ટ કર્યું છે. દરેક જીવો—આખા હિંદુસ્તાનના જીવોને જગાડ્યા છે. કાંઈ શંકા રહે એવું નથી. સ્થૂળબુદ્ધિથી ન સમજાય એમ નથી. મૂળ પ્રયોજનભૂત તત્ત્વને ઓળખે તો સમજાય એવું છે. રાગથી ભેદજ્ઞાન કરો 'આ જ્ઞાયક તે હું, અને રાગ તે હું નથી.' એ અંતરથી જો સમજે જ્ઞાયક સ્વભાવને, જ્ઞાનસ્વભાવને ઓળખીને અંતરથી 'આ જે વિભાવ છે એ મારું સ્વરૂપ નથી, હું તો જ્ઞાયક છું' એમ ઓળખે તો ઓળખી શકાય એવું છે. એમાં ઝાઝા (વધારે) શાસ્ત્રો જાણે તો થાય એવું નથી. પ્રયોજનભૂત તત્ત્વ ગુરુદેવે કીધું છે કે તું જ્ઞાયક આત્મા છો અને આ શુભાશુભભાવો તે તારું સ્વરૂપ નથી. એનાથી તું જુદો પડ. એનાથી જુદો પડવાથી અંતરમાંથી ભેદજ્ઞાન થાય છે. ભેદજ્ઞાન આ કાળમાં ન થઈ શકે એવું નથી. કારણ કે આ કાળમાં કાંઈ પોતાનું કાંઈ ન થઈ શકે એવું નથી. સમ્યગ્દર્શન થઈ શકે છે. શાસ્ત્રમાં આવે છે કે 'જેટલો આ

જ્ઞાનસ્વભાવ છે તેટલો જ તું છો'. તારે આત્માને ઓળખવો હોય તો– ગુરુદેવે પણ કીધું છે કે જેટલો આ પરમાર્થ સ્વરૂપ આત્મા છે– જેટલું આ જ્ઞાન છે, એ જ્ઞાન સ્વરૂપ આત્માને તું ઓળખ. જ્ઞાનસ્વરૂપ આત્મા છે. તેમ જ તું રુચિ કર અને પ્રીતિ કર. તે જ્ઞાનસ્વરૂપ આત્માને જ–પરમાર્થસ્વરૂપ–સત્વસ્વરૂપ આત્મા છે એને તું ઓળખી લે. એ કલ્યાણ સ્વરૂપ.–એ જ્ઞાનસ્વરૂપ આત્મા કે એમાં જ બધું ભરેલું છે તે મહિમાવંત છે. એ કાંઈ જ્ઞાન એટલે એકલું જાણવું એમ નહીં. એ મહિમાથી ભરેલો આત્મા છે, જ્ઞાયક એટલે ચૈતન્યદેવ છે, એને તું ઓળખ અને એમાં જ તું રુચિ કર, એને જાણીને એમાં સંતોષ પામ અને એમાં જ તું તૃપ્તિ કર તો એ જ્ઞાન સ્વરૂપ આત્મા આ કાળમાં ઓળખી શકાય એવો છે. 'આ વિભાવ તે મારું સ્વરૂપ નથી.' એ તો આકુળતા છે. જ્ઞાન સ્વરૂપ આત્મામાં જ શાંતિ અને સંતોષ છે, એને તું ઓળખ, ઓળખી શકાય એવો છે. આ કાયમ કંઈ ન ઓળખી શકાય એવું નથી પણ એ અંતરની લગની લાગે, એટલી જિજ્ઞાસા જાગે તો ઓળખી શકાય. સ્થૂળબુદ્ધિ છે પણ પ્રયોજનભૂત તત્ત્વને–પોતે જ્ઞાનસ્વરૂપ આત્મા– પોતાની પાસે જ છે, ક્યાંય શોધવા જવું પડે એમ નથી. એને ઊંડો ઉતરીને, 'જ્ઞાન તે જ હું છું. બીજું કાંઈ હું નથી' એમાં જો તને સંતોષ આવે અને મહિમા થાય તો એ ઓળખાય એવો છે. એનાથી જુદો પડ તો તું એમાં જ સંતુષ્ટ થઈશ. એનાથી તને તૃપ્તિ થશે. કરવા જેવું એ એક જ છે. ચોથાકાળની અંદર ભગવાનના સમવસરણમાં એકદમ પામી જતા હતા અને આ પંચમકાળમાં ગુરુદેવે માર્ગ બતાવ્યો ને એકદમ પામી જવાય એવું છે. ન પમાય એવું નથી. સમ્યગ્દર્શન થઈ શકે એવું છે આ કાળમાં કેવળજ્ઞાન થઈ શકે એવું નથી. પણ સમ્યગ્દર્શન તો થઈ શકે. પ્રયોજનભૂત જ્ઞાન તો થઈ શકે એવું છે. ૨૬

❀ બહેનશ્રી : તિર્યંચો જે છે એ કાંઈ નામ જાણતા નથી કે

કોને આસ્રવ કહેવાય? કોને બંધ કહેવાય? પુણ્ય-પાપ કોને કહેવાય? એ નામ નથી જાણતા પણ 'આ જે જ્ઞાન તે હું છું, અને જે આકુળતા સ્વરૂપ છે. આ બધું તે હું નથી. હું એ નથી, જુદો ચૈતન્યદેવ જ્ઞાયક છું' એમ ભાવ સમજી અને તિર્યંચો પણ નામ નથી જાણતા એવા અઢીદ્વીપ બહાર છે કેટલાક તિર્યંચો એ પણ આત્માનું જ્ઞાન કરી શકે છે. પૂર્વના સંસ્કાર હોય અને તિર્યંચના ભવમાં એકદમ કરી શકે છે. તો આ મનુષ્યભવમાં કેમ ન થઈ શકે? થઈ શકે એવું છે. ૨૭.

❀ બહેનશ્રી : તત્ત્વનું પરિણમન છે. મોહનું પરિણમન તો મારી સાથે કાંઈ એને લાગતું વળગતું નથી. એ તો જુદું ઉપર ઉપરથી એટલે કે એની સાથે મારે કાંઈ નાતો કે સંબંધ જ નથી. અનાદિકાળથી એની સાથે રહ્યો તો પણ જુદો છે કે 'મારે એની સાથે કંઈ નાતો નથી' પોતે તો કહે છે 'હું તો ચૈતન્યના સમૂહરૂપ આ તેજપુંજનિધિ છું, મારામાં તો અનંતનિધિ પડેલા છે એવો હું છું અને એની દૃષ્ટિ કરવાથી હું ચૈતન્યના સમૂહરૂપ તેજનો પ્રકાશ છું એમ પ્રગટ થાય છે, જ્યાં મારા ચૈતન્ય તત્ત્વનું પરિણમન પ્રગટરૂપે પરિણમે છે સ્વભાવથી તો ચૈતન્યના પરિણામરૂપ છે, અને પ્રગટ થાય ત્યાં હું ચૈતન્યનો તેજપુંજ નિધિ છું. એવી નિધિ મને પ્રગટ થાય' એવું ભેદજ્ઞાન કરે છે. 'હું તો આવો નિધિ સ્વરૂપ છે, ભંડાર ભર્યો છે મારામાં. વિભાવો સાથે મારે કાંઈ સંબંધ નથી. હું તો એનાથી અત્યંત જુદો છું.' એમ આ કળશમાં આવે છે. 'સર્વથા નિજરસ ભરેલો છું. બધા પ્રદેશોમાં નિજ ચૈતન્યના રસથી હું ભરેલો છું. જ્યાં જોઉં ત્યાં ચૈતન્ય. મારા અસંખ્યાતા પ્રદેશમાં ચૈતન્યતા ભરેલી છે. મોહ ક્યાંય ભરેલો નથી. ચૈતન્યતા જ ભરેલી છે. ચૈતન્યનિધિ ભરેલી છે. મોહ નથી ભરેલો. એમાં મોહની ખાણ ભરેલી નથી. એમાં તો ચૈતન્યતા ભરેલી છે. મોહ તો બહારથી આવે છે. એને અત્યંત તિલાંજલી આપું છું એને મારી સાથે કાંઈ લાગતું નથી.

અનાદિકાળથી મેં માન્યું હતું કે મારે એની સાથે નાતો છે એ ખોટું મેં માન્યું હતું. ભ્રમથી મેં મારું માન્યું હતું. હું એનો ત્યાગ કરું છું. હું ચૈતન્ય નિધિ, ચૈતન્યનો સમૂહ તેજપુંજ નિધિ છું.' એમ પોતે ભેદજ્ઞાન કરે છે. પરભાવનો ત્યાગ કરીને પોતે ભેદજ્ઞાન કરે છે. એવી રીતે પછી ધર્મ અને અધર્મ એ બધું લે છે. 'મોહ' શબ્દમાં બધું લઈ લેવું. એ ચારિત્રમોહના જેટલા પડખા છે. એ બધા. પ્રત્યાખ્યાન, અપ્રત્યાખ્યાન, કષાય, નોકષાય અને એ બધું. બધુંય લઈ લેવું, મન, વચન, કાયા અને પાંચ ઈન્દ્રિયો અને બધાનો હું ત્યાગ કરું છું, કાંઈ મારે કોઈની સાથે સંબંધ નથી. બસ! હું એને તિલાંજલી આપું છું. મારામાં વિભાવનો કોઈ અંશ નથી. મારા અસંખ્યાત પ્રદેશમાં ચૈતન્યતા ભરચક અનંતી ભરેલી છે. અનંત ચૈતન્યની નિધિ છે. અનંત શક્તિથી ભરેલો છે. અનંત ચૈતન્ય નહીં પણ ચૈતન્ય તો એક જ છે, પણ પ્રદેશે પ્રદેશે અનંતી નિધિ છે. એવા ચૈતન્યમાં 'મોહ' પણ નથી, તેમાં શરીર તો ક્યાંથી હોય? અને એમાં રોગ પણ ક્યાંથી હોય? આત્મા તો ચૈતન્યની નિધિ છે. અત્યંત ભેદ છે એમ કહે છે. એનું કારણ કે એક દ્રવ્યને બે ક્રિયા થતી નથી અને એક ક્રિયાના બે કર્તા હોતા નથી 'અનાદિકાળથી હું પરદ્રવ્યને કરું છું, અને પરદ્રવ્ય એ મારી ક્રિયા છે' એવું જ માનીને બેઠો છે. ૨૮.

❀ બહેનશ્રી : પોતે પોતાના સ્વભાવનો કર્તા છે. સ્વભાવની પરિણતિરૂપ ક્રિયા એ જ પોતાની ક્રિયા છે. વિભાવની ક્રિયા એ તો અજ્ઞાન અવસ્થામાં છે. પણ પરદ્રવ્ય–જડની ક્રિયા હું કરું છું એ ભ્રાંતિ છે ખોટું છે. કરી કાંઈ નથી શકતો, માત્ર પોતે ખોટું અજ્ઞાન ધરાવે છે. ૨૯.

❀ ભક્તિ : ભેદજ્ઞાન સાબુ ભયો, સમરસ નિર્મલ નીર,
ધોબી અંતર આતમા, ધુએ નિજ ગુણ ચીર.

❀ બહેનશ્રી : એ જ્ઞાતામાં બધું ભરેલું છે. જ્ઞાયક સહજ સ્વભાવ છે. એ સ્વભાવને ક્યાંયથી બહારથી લેવા જાવો પડતો નથી.

બહારથી લેવા જાય તો એ પોતામાં કાંઈ આવતું નથી. એ તો પરવસ્તુ છે. પરવસ્તુમાંથી કાંઈ નથી આવતું નથી. પરમાં શાંતિ નથી. પરમાં આનંદ નથી, જ્ઞાન નથી, જે છે એ પોતામાં સ્વરૂપમાં છે, એ સ્વરૂપમાંથી પ્રગટ થાય એમ છે. એ પરની કર્તાબુદ્ધિ—'જાણે પરનું હું કરી શકું, પર મારું કરી શકે, હું એનામાં સુધારો કરી શકું' એ બધી ભ્રમણાબુદ્ધિ છે. એ બધુ પરનું તો જે થવાનું હોય એમ થાય છે. જે વેદના આવવાની હોય એમ આવે છે એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. પોતે પોતાના સ્વભાવમાં ઘણું કરી શકે છે. પોતે જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણોથી ભરપૂર આત્મા છે એ તેને પ્રગટ કરી શકે છે. એને પ્રગટ કરવામાં દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત છે. પણ એ જાગ્રત થાય તો. ઉપાદાન તૈયાર થાય તો. અનંતકાળથી જીવ આત્માને ઓળખતો નથી. એમાં તો એવા ગુરુ કે દેવ મળે, ગુરુના દેશના મળે એને પોતે ગ્રહણ કરે અને અંતરમાંથી પોતે પુરુષાર્થ કરે તો એને ખબર પડે. જીવનમાં એક જ્ઞાયક આત્મા એ જ ગ્રહણ કરવા જેવો છે. ગુરુદેવે તો બતાવ્યું છે કે અનેક જાતના ગુણોના ભેદો પડે છે. પાંચ જ્ઞાનના ભેદો પડે છે. પાંચ ભાવોના ભેદ પડે છે. 'એક પારિણામિક ભાવ છે તે હું છું. એ જ્ઞાન સ્વરૂપ હું છું' ભેદ ઉપર દૃષ્ટિ નહીં કરતો, એ બધા ભેદોને ગૌણ કર. એક જ્ઞાનમાં 'તું જાણ' બધું અને એક અખંડ ચૈતન્ય ઉપર દૃષ્ટિ કર, એનું જ્ઞાન કર, એમાં લીન થા તું. ચૈતન્યમાં જ શાંતિ અને આનંદ ભરેલો છે અને એ જ તારે કરવા જેવું છે. કેમ પ્રગટ થાય? એના માટે એને વિચાર, વાંચન, એની લગની—એવું અનેક જાતનું શ્રુતનું ચિંતવન અને અંતર યથાર્થ નિશ્ચય કરે કે 'હું જુદો જ છું', છતાં બધા પર પદાર્થો છે, વિભાવભાવો થાય એ પણ પર છે. પોતાનો સ્વભાવ નથી, પર્યાયો છે એ ક્ષણે ક્ષણે બદલાય, પણ શાશ્વત સ્વરૂપ આત્મા અખંડ દ્રવ્ય છે એના ઉપર દૃષ્ટિ કરવા જેવી છે. પર્યાયો, ગુણો એ જ્ઞાનમાં જાણે, પણ દૃષ્ટિ તો એક આત્મા ઉપર કરવા જેવી છે અને એ જ ગ્રહણ

કરવા જેવું છે. એ જ પ્રયોગો, એ જ મુક્તિનો માર્ગ અને ગુરુદેવે પરમ ઉપકાર કર્યો છે અને એ જ બધો સારભૂત આત્મા છે, એને ગ્રહણ કરવા જોવો છે. ૩૦

❀ બહેનશ્રી : પ્રકાશ અને અંધકાર વચ્ચે કેટલો ફરક છે? પ્રકાશ પ્રકાશરૂપ જ છે, અગ્નિની ક્રિયા ઉષ્ણતારૂપ જ છે. બરફની ક્રિયા ઠંડારૂપ જ છે. બેય એક થઈ શકે જ નહીં. પાણીની શીતળતા અને અગ્નિની ઉષ્ણતા એક થાય? એ તો સ્થૂળ દૃષ્ટાંત છે. તેમ જ્ઞાન જ્ઞાનસ્વરૂપ છે પણ પોતે જ તન્મય એમાં થતો નથી. પોતે પોતાને જાણતો નથી. પર્યાય એવી કે ફર્યા કરે છે બહાર. બહારની પરિણતિને લઈને અંતરમાં જોતો નથી. ક્યાંથી જ્ઞાનની દોરી આવે છે એ મૂળ તળને જોતો નથી. જોવામાં પડે અને તન્મય થઈ જાય છે (પરમાં). આકુળતા, આકુળતા અને બધું બહારનું જોયા કરે છે. અરીસામાં જુએ માણસો આ રસ્તામાં જાય તો અરીસામાં શું દેખાય છે? એમાં ચિત્ર-વિચિત્ર થાય એ જુએ છે. પણ અરીસો એક સરખો છે એ એકસરખા અરીસા ઉપર દૃષ્ટિ જવાને બદલે એ માણસ અરીસામાં શું શું દેખાય છે? એમ જીવને અનાદિનો ભ્રમ થઈ ગયો છે કે આ શું છે? જ્ઞેયો શું છે? પણ એકસરખું શું એમાં છે? શેમાં દેખાય છે? અને કઈ વસ્તુ છે? એનો માણસ વિચાર કરવાને બદલે અરીસામાં શું દેખાય છે? ચીજો દેખાય ને! એ ચીજો જોવામાં પડે. ચકલું એમાં દેખાય તો બીજું ચકલું ક્યાંથી આવ્યું? એ ચકલું જોવામાં પડે પણ આ અરીસો વચ્ચે જડ છે એ નથી જોતો. ચકલું કોની સાથે ચાંચ માર્યા કરે છે? એ અંદર દેખાય છે શું? એ એમાં જ ભમ્યા કરે છે. પણ આ શેમાં દેખાય છે? આ શું વસ્તુ છે એ કોઈ જોતું નથી. એમ આ અનેક જાતના જ્ઞેયો જોવાના ભ્રમની અંદર આ શેમાં દેખાય છે? અને આ શું વસ્તુ છે? એવી કિંમતી વસ્તુમાં દેખાય છે. એ નથી જોતો ઓલું (જ્ઞેય) દેખાય એના ભ્રમના ગોટાળામાં પડ્યો છે. ચકલું આવે તો બીજું ચકલું ક્યાં? પણ આ શું દેખાય છે? એ બુદ્ધિ એ ચકલાની

કામ નથી કરતી. એની સાથે ઝઘડા કરી કરીને જાણે બીજું જ ચકલું આવી ગયું હોય એમ એને થઈ જાય છે. પોતે વસ્તુ છે કે જેમાં એ દેખાય છે એ જોવાનું છે. એ નથી જોતો ચિત્ર-વિચિત્રતામાં તન્મય થઈ ગયો છે. ચિત્ર-વિચિત્ર (જોવું છે) પછી ભલેને થાકી જાય અને આકુળતા થાય તો પણ એમાં જ લાગ્યો રહે છે. ૩૧

❀ બહેનશ્રી : 'મૈં જ્ઞાન, મૈં જ્ઞાયક હૂં' ઉસમેં અતીન્દ્રિય આ જાતા હૈ. યે પર તરફકા જ્ઞાન–ઈસસે જાને, બહારસે જાનતા હૈ, 'જ્ઞેયસે જાનૂં' ઐસા નહીં. 'મૈં તો સ્વયં જ્ઞાયક હૂં', અતીન્દ્રિયકા વેદન કભી હોતા હૈ? જબ વિકલ્પ છૂટતે તબ સ્વાનુભૂતિમેં અતીન્દ્રિય આનંદ આતા હૈ. પહેલા ઈસકી શ્રદ્ધાકી પરિણતિ હોતી હૈ. ભેદજ્ઞાનકી પરિણતિ હોતી હૈ. 'જ્ઞાયક હૂં, જ્ઞાયક હૂં' એ જ પરિણતિ હોતી હૈ. જ્ઞેયસે ભેદજ્ઞાન કરના. એ જાનનેકા છૂટતા નહીં હૈ પણ ભેદવિજ્ઞાન હોતા હૈ. 'મૈં જ્ઞાયક હૂં'. ૩૨.

✻ પ્રશ્ન : સહજ પરિણતિ હોનેકે બાદ ભી ભેદજ્ઞાન હોતા હૈ?

● ઉત્તર : સહજ પરિણતિ તો યથાર્થ હોતી હૈ. ઈસકે પહેલે ભેદજ્ઞાનકા અભ્યાસ હોતા હૈ વો વાસ્તવિક ભેદજ્ઞાન તો નહીં હૈ. સહજ દશા જબ હોવે તબ યથાર્થ ભેદજ્ઞાન હોતા હૈ. પહલે તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હોતી હૈ, પીછે ભેદજ્ઞાનકી ધારા ચલતી હૈ. તબ સહજ પરિણતિ ભેદજ્ઞાનકી હોતી હૈ, ઉસકે પહેલે ભેદજ્ઞાનકા અભ્યાસ હોતા હૈ. યથાર્થ ભેદજ્ઞાન નહીં હોતા. વિકલ્પ ઔર બુદ્ધિ દ્વારા, ભાવના દ્વારા, અભ્યાસ હોતા હૈ, યથાર્થ નહીં હોતા હૈ. પહેલે એ અભ્યાસ હોતા હૈ. બુદ્ધિપૂર્વક વિચાર કરતા હૈ 'મૈં ભિન્ન હૂં, યે મેરા સ્વરૂપ નહીં હૈ.' ઐસી ભાવના કરતા હૈ, ઐસી મહિમા કરતા હૈ, ઐસા બીચમેં અભ્યાસ કરતા હૈ. ૩૩.

✻ પ્રશ્ન : કબ યથાર્થ ભેદજ્ઞાન હો જાતા હૈ?

● ઉત્તર : અસ્તિત્વકા ગ્રહણ હુએ તો યથાર્થ ભેદજ્ઞાન હોતા

हे. जितना आत्मामें अपूर्वता लगे के मैं अस्तित्व ग्रहण किया हे. (तब यथार्थ भेदज्ञान होता हे). ३४.

* પ્રશ્ન : અસ્તિત્વરૂપ પરિણમિત હો, ઉસકે બાદ વાસ્તવિક ભેદજ્ઞાન હોતા હૈ ?

● ઉત્તર : અસ્તિત્વરૂપ પરિણમતિ હો જાય 'મૈં ચૈતન્ય હૂં,' તે યથાર્થ હોતા હૈ, નહીં તો ભેદજ્ઞાનકા અભ્યાસ હોતા હૈ. વિભાવકી પરિણતિ હો રહી હૈ ઉસસે અલગ (છુટ્ટી) પડના, વો કાર્ય કરના હૈ. વો હી મુખ્ય કરના. ચૈતન્ય અનાદિ અનંત શાશ્વત હૈ. ઉસકો ગ્રહણ કરતે હૈ તો પ્રજ્ઞાથી જેમ જુદો કર્યો એમ પ્રજ્ઞાથી ગ્રહણ કર. પ્રજ્ઞા-જ્ઞાન લક્ષણ દ્વારા પ્રજ્ઞાછીણી દ્વારા અસ્તિકો ગ્રહણ કર તો ભેદજ્ઞાન હો જાતા હૈ ઉસમેં સ્વાનુભૂતિ હોતી હૈ. ૩૫.

* પ્રશ્ન : ભેદજ્ઞાન તો રાગ અને સ્વભાવ વચ્ચે કરવું, દ્રવ્ય અને પર્યાય વચ્ચે નહીં. સમયસાર ગાથા ૩૮માં એમ આવે છે કે નવ તત્ત્વોથી આત્મા અત્યંત જુદો હોવાથી શુદ્ધ છે એમ કહ્યું તો એમાં તો સંવર, નિર્જરા અને મોક્ષ પણ આવી ગયા. પછી દ્રવ્યદૃષ્ટિ કરવી અને પર્યાયદૃષ્ટિ છોડવી એમાં પણ દ્રવ્ય અને પર્યાય વચ્ચે ભેદજ્ઞાનનો પ્રસંગ આવ્યો, એવી જ રીતે ધ્રુવ અને ઉત્પાદરૂપ ચલિતભાવ–નિષ્ક્રિય અને સક્રિય બે ભાવ. આ બધામાં દ્રવ્ય અને પર્યાય વચ્ચે તફાવત પાડવો પડે. તો રાગ અને સ્વભાવ વચ્ચેના ભેદજ્ઞાનને પ્રાધાન્ય કેમ આપવામાં આવે છે ?

● ઉત્તર : કારણ કે એ સ્વભાવ અને વિભાવ—એનું ભેદજ્ઞાન છે. આ ભેદજ્ઞાન છે, એ અપેક્ષા જુદી છે. એમાં આશ્રય ચૈતન્ય પૂર્ણ ઐશ્વર્યશાળી છે, એનો આશ્રય લેવાનો છે. પર્યાય અને ગુણ એક અંશ છે, એનો આશ્રય લેવાનો નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં એનો આશ્રય અને ગુણ અને પર્યાય એ બધા ગૌણ થાય છે દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ. માટે એમાં એ બધું જ—સાધકદશા અને એ બધું તો એમાં ગૌણ થઈ જાય છે. જેમ એક રાજા—પૂર્ણ શક્તિશાળી રાજા

સંબંધીઓથી જુદા છે. કોઈ અપેક્ષાએ રાજા પૂર્ણ ઐશ્વર્યશાળી છે. આ તો એક અંશ છે. પણ જેવા એના દુશ્મનથી જુદા પડે છે એવી જાતના એના સંબંધીઓથી જુદા નથી. ભલે આ રાજા અને પ્રધાન તો જુદી વસ્તુ જ છે. પણ એ જુદું અને એના દુશ્મનથી જુદું—એ ભેદજ્ઞાનમાં ફેર છે. માટે દૃષ્ટિના બળની અપેક્ષાએ દૃષ્ટિ બધુંય જુદું પાડે છે કે 'હું કૃતકૃત્ય પૂર્ણ છું.' સાધકદશાને પણ ગૌણ કરે છે કે 'હું પૂર્ણ છું, કૃતકૃત્ય છું. મારા દ્રવ્યમાં કાંઈ અશુદ્ધતા થઈ નથી, હું તો પૂર્ણ જ છું, આ વિભાવ મારાથી અત્યંત જુદો છે', એમ જુદું પાડે છે, વચ્ચે જે સાધકદશા—અધૂરી પર્યાય, પૂરી પર્યાય—બધાને એ ગૌણ કરે છે તો પણ જ્ઞાન છે એ એને લક્ષમાં રાખે છે કે આ ગુણો અને પર્યાયો છે કે એ ચૈતન્યના લક્ષણો છે, ચૈતન્યની અવસ્થાઓ છે, એની શુદ્ધ પર્યાય એને વેદનમાં આવે છે. જ્ઞાન એનો વિવેક કરે છે. એ અપેક્ષાએ ભેદજ્ઞાન રાગથી કરવાનું છે કારણ કે ગુણ અને પર્યાય એનું ભેદજ્ઞાન એ ભેદ એવી જાતનો છે એ દૃષ્ટિનો આશ્રય દ્રવ્ય ઉપર જાય છે. માટે એ બધાથી ભેદ કરવાનો છે, પણ જેવો ભેદ રાગથી કરવાનો છે, એવો ભેદ ગુણ-પર્યાયનો એવી જાતનો ભેદ નથી. એ ભેદ અને રાગથી ભેદ એ બેમાં ફેર છે, માટે રાગથી ભેદજ્ઞાન કરવાનું એમ કહ્યું છે. ઓલા ભેદ છે પણ એ ભેદ ભેદમાં ફેર છે. એનો વિવેક કરવાનો રહે છે કે એ ગુણો છે એ ચૈતન્યના જ્ઞાન-દર્શન-ચારિત્ર એ બધા એક અંશો છે. ચૈતન્ય તો અખંડ પૂર્ણ શક્તિવાન છે. એવા એક એક અંશો એવા (અખંડ) નથી, માટે આશ્રય એનો નથી કરવાનો. એ અંશો છે, માટે એ બધાને ગૌણ કરવાના છે અને દૃષ્ટિ તો એ બધાને કાઢી નાખે છે, તો એ બધું નિમિત્ત અપેક્ષાએ, અધૂરી, પૂરી પર્યાયો પડી, માટે બધાનું જુદું કરે છે. દૃષ્ટિ 'હું તો એક પૂર્ણ જ છું, કૃતકૃત્ય છું' એમ દૃષ્ટિના બળમાં બધું નીકળી જાય છે કે 'હું પૂર્ણ છું' પણ વચ્ચે જો પૂર્ણ જ હોય તો સાધકદશા રહેતી નથી. તો એમાં સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્ર એ

બધી અવસ્થાઓ તો થાય છે માટે જ્ઞાન એનો વિવેક કરે છે કે આ કોઈ અપેક્ષાએ આ ગુણો છે ચૈતન્યના, આ જે ચારિત્રની પર્યાય પ્રગટે એ ચૈતન્યમાં, સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર બધું ચૈતન્યમાં પ્રગટે છે. પણ ચૈતન્ય દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી પ્રગટે છે. માટે 'નવ તત્ત્વની પરિપાટી છોડી, મને એક આત્મા પ્રાપ્ત થાવ' નવ તત્ત્વની પરિપાટી ઉપર દૃષ્ટિ મૂકવાની નથી. દૃષ્ટિ એક આત્મા ઉપર મૂકવાની છે. આત્મા ઉપર દૃષ્ટિ મૂકવાથી બધી નિર્મળ પર્યાયો પ્રગટે પણ એનો આશ્રય લેવાનો નથી. પણ એ પર્યાય જેમ વિભાવ જુદો છો, એવી જાતની નથી. પર્યાય એવી રીતે નથી. એનું વેદન ચૈતન્યમાં આવે છે, એની સ્વાનુભૂતિનું વેદન આવે છે, એની વીતરાગદશાનું વેદન આવે છે, માટે વિભાવથી જુદું પડવું, એવી જાતનું આનાથી જુદું પડવાનું નથી એમ એ અપેક્ષાએ કહ્યું છે. ૩૬.

✻ પ્રશ્ન :–એટલે રાગ છે એ છૂટો પડીને ચાલ્યો જાય છે અને શુદ્ધિમાં અંદર વધારે ને વધારે વૃદ્ધિ થતી જાય છે?

● ઉત્તર : અંદર ચૈતન્યમાં શુદ્ધાત્મામાં પર્યાયમાં વેદન છે પણ એના ઉપર દૃષ્ટિ આપવાથી કે એનો આશ્રય કરવાથી એ પ્રગટતું નથી. આશ્રય દ્રવ્યનો લે તો જ એ શુદ્ધાત્માની પર્યાય પ્રગટે માટે દૃષ્ટિ તો એક પૂર્ણ ઉપર જ રાખવાની છે. એ પર્યાયો ઉપર કે ગુણો ઉપર કે એમાં રોકાવાનું, એના ઉપર દૃષ્ટિ રાખવાની નથી. પણ જ્ઞાનમાં રાખવાનું છે કે આ ગુણો ચૈતન્યના છે, આ પર્યાયો ચૈતન્યના આશ્રયે પ્રગટવાની છે. એ કાંઈ જડની છે એ જ્ઞાનમાં નથી. જ્ઞાન યથાર્થ કરવું, દૃષ્ટિ પૂર્ણ ઉપર રાખવી. પણ જ્ઞાન યથાર્થ હોય તો એની સાધક પર્યાય યથાર્થપણે પ્રગટે છે. જ્ઞાન એમ જ હોય. સર્વ અપેક્ષાએ, એની દૃષ્ટિમાં એમજ હોય કે 'હું પૂર્ણ તે પૂર્ણ જ છું' પછી કાંઈ કરવાનું જ નથી તો એમાં ભૂલ પડે છે. દૃષ્ટિ પૂર્ણ ઉપર હોય –દ્રવ્ય ઉપર–પણ જ્ઞાનમાં એમ હોય કે 'મારી હજી અધૂરી પર્યાય છે'. બધું જ્ઞાનમાં હોય તો સાધકદશા પ્રગટે નહીં તો એની દૃષ્ટિ

ખોટી થાય છે. 'સર્વ અપેક્ષાએ પૂર્ણ જ છું' અને રાગ અને અધૂરી પર્યાય કે એ રાગ તો મારાથી જુદો છે, પણ એ થાય છે ચૈતન્યની પુરુષાર્થની નબળાઈથી એ બધું એને ખ્યાલમાં રાખે તો પુરુષાર્થ ઉપડે છે. એમાં આનંદદશા, વીતરાગદશા બધું છે. આપણને એમ લાગે કે દૃષ્ટિની અપેક્ષાએ બે ભાગ પડે છે. જ્ઞાન એનો વિવેક કરે છે ગુરુદેવે અનેક પ્રકારે સમજાવ્યું છે. ગુરુદેવે પરમ ઉપકાર કર્યો છે. બધી અપેક્ષાથી ગુરુદેવે સમજાવ્યું છે. ૩૭

✻ પ્રશ્ન : એક દ્રવ્યથી બીજા દ્રવ્યની ભિન્નતા એ તો ગુરુદેવના અને આપના પ્રતાપે પૂરેપૂરું ખ્યાલમાં આવે છે કે આ એક દ્રવ્ય જુદું અને આ બીજું દ્રવ્ય જુદું. પણ દ્રવ્ય, ગુણ અને પર્યાય– એમાં કેવી રીતે ભિન્નતા કરીને અનુભવ કરવો એ વિષયમાં અમને માર્ગદર્શન આપશો.

● ઉત્તર : એક દ્રવ્ય અને બીજું દ્રવ્ય—એ તો અત્યંત જુદા— એને પ્રદેશભેદ છે. જુદા છે. વિભાવ એ તો પોતાનો સ્વભાવ નથી. આ શાસ્ત્રમાં ભેદજ્ઞાન કરવાનું આવે છે, એ વિભાવથી ભેદજ્ઞાન કરવાનું આવે છે. ગુણ-પર્યાયથી ભેદજ્ઞાન કરવાનુ આવતું નથી. ભેદજ્ઞાન તો વિભાવથી કરવાનું હોય. ગુણ અને પર્યાયના લક્ષણો ઓળખી અને આત્મામાં અનંત ગુણો અને પર્યાયો છે, એનું જ્ઞાન કરીને, એના ભેદમાં નહીં રોકાવું, ભેદ વિકલ્પમાં નહીં રોકાતા, એક, અખંડ ચૈતન્ય ઉપર દૃષ્ટિ મૂકવાથી એમાં જ એના અનંત ગુણોની શુદ્ધ પર્યાયો છે તે પ્રગટ થાય છે. એનું ભેદજ્ઞાન કરવાનું રહેતું નથી. ગુણ-પર્યાયનું પણ એનું જ્ઞાન કરવાનું છે કે અનંત ગુણો આત્મામાં છે. આત્મા અનંતગુણોથી ગુંથાયેલું અભેદ તત્ત્વ છે. પણ એમાં અનંત ગુણો કેવી રીતે છે? જ્ઞાનનું જ્ઞાન લક્ષણ, આનંદનું આનંદ લક્ષણ, એમ ચારિત્રનું ચારિત્રરૂપે છે. જ્ઞાન જાણવાનું કાર્ય કરે, આનંદ આનંદનું કાર્ય કરે છે. એના કાર્ય ઉપરથી, એના લક્ષણ ઉપરથી ઓળખી શકાય છે. એને ઓળખીને એ ગુણભેદમાં રોકાવું

એ તો વિકલ્પ અને રાગ મિશ્રિત છે. એ તો વચ્ચે આવ્યા વગર રહેતું નથી. માટે એક ચૈતન્ય ઉપર અખંડ દૃષ્ટિ કરી અને એ દૃષ્ટિને એમાં સ્થિર કરે તો એમાંથી સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. એ વિકલ્પ તૂટીને 'હું નિર્વિકલ્પ તત્ત્વ છું' એવી સામાન્ય અસ્તિત્વ ઉપર—પોતાના જ્ઞાયક ઉપર દૃષ્ટિને નિઃશંક કરીને એમાં જો સ્થિરતા અને લીનતા, આચરણ કરે તો સ્વાનુભૂતિ થાય છે. બે દ્રવ્ય જુદા તો દેખાય છે. પણ ભેદજ્ઞાન તો વિભાવથી કરવાનું છે. બે દ્રવ્યોથી (કરવાનું). આ તો (ગુણ અને પર્યાયના ભેદનું) જ્ઞાન કરવાનું છે. આત્મા અનંત અનંત શક્તિઓથી ભરેલો, અનંતા દ્રવ્યો એની પાસે આવે તો પોતાનું અસ્તિત્વ જાળવી રાખે એની એવી અનંતી શક્તિ છે એ સિવાયના અનંત ગુણો છે, એનંતા ધર્મો છે. બધાનું જ્ઞાન કરવા માટે પોતે તેના લક્ષણ અને કાર્યોથી ઓળખી શકે છે. પછી એના ભેદ વિકલ્પમાં રોકાવાનું નથી. એ ગુણો તો પોતાનું સ્વરૂપ છે. પોતાનું સ્વરૂપ છે એ કાંઈ ગુણ પોતાથી જુદા નથી. માટે એનું જ્ઞાન કરીને એના વિકલ્પ—ગુણભેદમાં નહીં રોકાતા પર્યાયભેદમાં નહીં રોકાતા પોતે પોતાના ચૈતન્ય ઉપર દૃષ્ટિ મૂકવી. માત્ર જાણી લે કે આ ગુણ છે, આ પર્યાય છે. ગુણભેદમાં રોકાવાનું કંઈ પ્રયોજન નથી. એ તો એને જાણવાનું પ્રયોજન છે. પોતે પોતામાં સ્થિર થાય તો સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. જે વિભાવ છે, શુભભાવ ઊંચામાં ઊંચો હોય તો પણ પોતાનું સ્વરૂપ નથી. એનાથી પોતાને જુદો પાડે છે. પણ આ એને જાણે છે કે આ પર્યાય છે એ એક અંશ છે, આ ગુણ છે એ પોતે એક એક ભેદ ભેદ છે એ તો એને જાણી લે છે. ચૈતન્ય ઉપર અખંડ દૃષ્ટિ—પોતાની જે સામાન્ય ઉપર દૃષ્ટિ છે એમાં જે વિશેષ પર્યાયો છે તે પ્રગટ થાય છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર 'સર્વ ગુણાંશ તે સમ્યકદર્શન'. એમાં બધા ગુણોના અંશ પ્રગટ થાય છે અને એમાં વિશેષ લીનતા થાય, લીનતા થવાથી મુનિદશા આવે એને અંતર્મુહૂર્ત—અંતર્મુહૂર્તે સ્વરૂપમાં પોતે નિર્વિકલ્પદશામાં વારંવાર જામે

છે, એમાંથી વીતરાગદશા થાય છે. એ બધામાં જુદું જુદું રોકાવાની કાંઈ જરૂર નથી. પ્રયોજનભૂત જાણી લે. પછી પોતે પોતાની નિઃશંક પ્રતીતિથી પોતે લીનતા કરીને આગળ જાય તો એમાંથી એનું સમ્યક્‌દર્શન થાય. સમ્યક્‌દર્શન વગર તો કાંઈ થાતું નથી. આગળ જતાં લીનતા અને વીતરાગદશા એમાં જ પ્રગટ થાય છે. ૩૮

**✻ પ્રશ્ન : 'જે તારું નથી'તો તેની ઉપર નજર કેમ જાય? જે તારું નથી એમાં ચોરી છે એ તો એક બહુ સરસ છે, 'જે જેનું હોય તે તે જ હોય' તે એટલું બધું સ્પર્શી ગયું કે કહે કે 'આ મારું ઘર' તો હું ઘર થઈ ગયો' એવું મને લાગે તો હવે તો હું બોલતા બહુ વિચાર કરીને બોલું છું. પરદ્રવ્ય કદી મારું બને તો હું અજીવ બનું' જેનું હોય તે તે જ હોય. આ એ ગાથામાં આવ્યું. ત્યારે ગુરુદેવે કહ્યું 'અહો'.**

● ઉત્તર : (હિંમતભાઈ) જે જેનું હોય તે તે જ હોય. મારું ઘર હોય તો હું ઘર જ હોઉં. 'ટોપી મારી છે' તો હું ટોપી બની જાઉં. દર્શન, આનંદ બધા સ્વભાવથી ભરેલો તે રૂપ જ છે દ્રવ્ય સ્વભાવ, તો પણ વિભાવ પર્યાયમાં પોતે ભ્રાંતિથી માની રહ્યો છે. આ બધું– આ પુદ્‌ગલ–શરીરાદિને તો પોતાના માની રહ્યો છે, પણ વિભાવ પર્યાય જે છે એ પોતાની માને છે. આ બધા તો પરદ્રવ્ય છે. પણ વિભાવ પણ પોતાનો સ્વભાવ નથી. એમાં શુભ અને અશુભ બે વિભાવો છે. શુભ વિકલ્પ આવે કે આ કરું, તે કરું, હું પૂજા કરું, વાંચન કરું, તત્ત્વવિચાર–એ બધા શુભભાવો વચ્ચે આવે ખરા, પણ આત્માનો સ્વભાવ તો નથી. વિભાવભાવ છે. પુણ્યબંધનું કારણ છે. દેવલોક મળે બાકી ભવનો અભાવ તો સ્વભાવ તે ઓળખે તો થાય છે. સિદ્ધ ભગવાન જેવું સ્વરૂપ આત્માનું છે. ગુરુદેવે કહ્યું છે

પંચ પરમેષ્ઠી ભગવાનના વિકલ્પો તો આવે–શુભભાવ–પણ એ શુભ રાગ પુણ્યબંધ છે. માટે એનાથી તો તારો સ્વભવ ન્યારો છે. એ ન્યારા આત્માને ઓળખ. નિર્વિકલ્પ તત્ત્વ છે એને ઓળખ. એ

કરવાનું છે. અંદર એ જ્ઞાયક. જ્ઞાતા. પુદ્‌ગલના દ્રવ્ય-ગુણ-પર્યાય પુદ્‌ગલના. તારાં ગુણ પર્યાય તારામાં. તું એને કરી શકતો નથી. એ એની પર્યાય કરે છે. પોતે પોતાના સ્વભાવનો કર્તા છે. પરદ્રવ્યનો કર્તા તો નથી. પણ વિભાવ પર્યાય થાય એ વિભાવનો પણ અજ્ઞાન અવસ્થાએ કર્તા. સ્વભાવ તો એનો જ્ઞાતા છે. પોતે જ્ઞાયકરૂપ છે. જ્ઞેયો પણ એમાં જેને જાણે છે એ પણ એનામાં આવતા નથી. એ એમાં તન્મય થતો નથી. પોતે પાતોના જ્ઞાન સ્વભાવમાં તન્મય રહે છે. પોતે પોતાનું જાણતો બીજાને પ્રકાશે છે. પણ પોતે પોતાને જાણતો પ્રકાશે છે, એવું સ્વરૂપ છે. એવા આત્માને ઓળખવો અંદર તળમાં જઈને. રાત અને દિવસ એની ધગશ લાગે, એની લગની લાગે તો એને ઓળખાય, એવી ભેદજ્ઞાનની ધારા ચાલે કે 'હું જુદો જુદો' એ ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરે, એનું જ્ઞાન કરે, લીનતા કરે તો એને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય, પણ એની પાછળ રાત અને દિવસ, બસ! એને એ જાતની—ક્ષણે-ક્ષણે ધારા ચાલે કે 'હું જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક'. અંદર સ્વભાવ ને ઓળખીને. વાંચવા પૂરતું નહીં. પણ સ્વભાવ ઓળખીને અંદરમાં જો જાય તો એને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય. એ માર્ગ બધો ગુરુદેવે ખુલ્લો કર્યો. ૩૯.

*** પ્રશ્ન : જે પુરુષ જીવ અજીવનો ભેદ જાણે છે તે સમ્યક્‌દૃષ્ટિ છે?**

● ઉત્તર : જીવ અને અજીવ 'આ હું જીવ છું, અને આ અજીવ છે' ભેદ જાણ્યો કે આ અજીવ—આ જડ દ્રવ્ય તે હું નથી, હું તો આત્મા છું' એમ ભેદજ્ઞાન થયું એમાં વિભાવ પણ પરમાં નાખી દીધા. બધું પરમાં નાખી દીધું અને 'એક શુદ્ધાત્મા તે હું છું' એમ જાણ્યું એટલે શુદ્ધાત્મા તરફ દૃષ્ટિ ગઈ તો આ વિભાવ શેનો છે? આ વિભાવ મારી મંદતા—પુરુષાર્થની નબળાઈથી છે. સ્વભાવ તરફ દૃષ્ટિ ગઈ અને સ્વભાવ તરફ પરિણતિ ગઈ અને સ્વભાવ તરફ પરિણતિ ગઈ. બસ! એને મુક્તિ થાય છે. વિભાવ ગૌણ થતો જાય છે અને

જ્ઞાયક મુખ્ય થઈ ગયો. દૃષ્ટિ અપેક્ષાએ મુખ્ય થયો અને આચરણ અપેક્ષાએ પોતે આગળ જાય છે. બધા વિભાવ છૂટી જાય છે. ક્ષય થાય છે અને પોતે સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રગટ કરે છે. કેવળજ્ઞાન સુધી પહોંચી જાય છે. જીવ-અજીવનું ભેદજ્ઞાન થયું એટલે બધું આવી ગયું. જે મુક્તિએ ગયા એ બધા ભેદજ્ઞાનથી જ ગયા છે. ભેદજ્ઞાન જેને થયું, એણે બધું જાણ્યું, બધું આવી ગયું એને આ અજીવ અને આ જીવ. અજીવ-જીવનો ભેદ પડ્યો છે, તેમાં ‘વિભાવ તે હું નથી’ એમાં વિભાવ પણ આવી ગયો. વિભાવનો ભાગલો પર તરફ આવી ગયો અને પોતે સ્વ આવી ગયો, પણ આ વિભાવ શેને લઈને છે? મારી મંદતાને લઈને છે, એમ પોતા તરફ ઢળી ગયો. પુરુષાર્થની ધારા ચાલુ થઈ ગઈ. બસ! મુક્તિનો માર્ગ એને શરૂ થઈ ગયો. ભેદજ્ઞાન થયું એમાં બધું આવી ગયું કે ‘આ બધું જડ-વિભાવ હું કાંઈ કરતો નથી. મારે કાંઈ કરવાનું જ નથી’. એમ એવી રીતે જીવ-અજીવના ભેદ પાડે. ‘મારે કંઈ નથી કરવાનું, હું તો કૃતકૃત્ય છું. હું તો છું જ’—એમ પુરુષાર્થ વગરનું એમ ભેદજ્ઞાન કરે એવી રીતે ભેદજ્ઞાન નહીં. ‘હું ચૈતન્ય જુદો તે જુદો અને વિભાવ જુદો’ પણ આ વિભાવ ઊભો છે એનું કારણ અંદર સમજાઈ જાય એટલે પુરુષાર્થની ધારા—દૃષ્ટિ અને આચરણ બેઉ એને ચાલુ થઈ જાય છે. એટલે એની મુક્તિ થાય છે. એવું સુકું નથી થતું કે ‘આ જડ અને હું ચેતન’ આપણે કાંઈ કરવાનું જ નહીં. એ એવી જાતનું નહીં. એમ દ્રવ્ય અપેક્ષાએ ‘હું શુદ્ધાત્મા અને આ બધું જડ એટલે આપણે કાંઈ કરવાનું જ નથી. હું તો શુદ્ધ જ છું. હવે બધું થયા કરે છે. જેમ થાય એમ થવા દઉં, હું જ્ઞાતા છું’ એટલે એમાં તો નથી. માત્ર બોલવાનું થાય છે અને અંદરથી છૂટો પડવો જોઈએ. ‘હું જ્ઞાયક, જ્ઞાયક’ એમ છૂટો પડે એટલે એમાં એની પરિણતિ પોતા તરફ આવે છે. ઓલી પરિણતિ, પોતા તરફ આવતી નથી. જ્ઞાયકને ઉપરથી જાણે તો સાચુ ભેદજ્ઞાન, થાય નહીં તો ભેદજ્ઞાન એવું ન હોય. બે દ્રવ્ય જુદા પડ્યા—

કેવી રીતે જુદા પડ્યા? અનાદિના જુદા તો છે જ, પણ એને પ્રગટ જુદા પરિણતિમાં ન્યારા કરે છે. ૪૦.

✻ પ્રશ્ન : જ્ઞેયકે સાથ એકત્વ હો ગયા હૈ?

● ઉત્તર : જ્ઞેયકે સાથ એકત્વબુદ્ધિ હો ગઈ હૈ. એક તો હોતા નહીં, પર એકત્વબુદ્ધિ હો ગઈ હૈ કે 'જ્ઞેય મૈં હૂં ઔર યે મૈં હૂં' ઐસી એકત્વબુદ્ધિ હો ગઈ હૈ, વહ એકત્વબુદ્ધિ તોડતા હૈ. સ્વભાવકો ગ્રહણ કરતા હૈ. 'મૈં ચૈતન્ય હૂં, એ વિભાવભાવ મૈં નહીં હૂં, મૈં અનાદિ અનંત શાશ્વત સ્વરૂપ જ્ઞાયક હૂં, વો જ્ઞાયક સ્વરૂપ-જ્ઞાયક જે જાણનાર હૈ, તે મૈં હૂં, જ્ઞાયકમેં અનંત ગુણ, અનંત શક્તિ, અનંત શક્તિઓંસે ભરપૂર મૈં આતમા હૂં, વિભાવ મૈં નહીં,' ઐસા ભેદજ્ઞાન કરકે દૃષ્ટિકી દિશા પલટ લેના, જો સિદ્ધ હુઆ વો ભેદજ્ઞાનસે હુઆ હૈ, જો સિદ્ધ નહીં હુઆ વો ભેદજ્ઞાનકા અભાવસે નહીં હુઆ. જો બંધા હૈ, વો ભેદવિજ્ઞાનકે હી અભાવસે બંધા હૈ. ભેદવિજ્ઞાન—પરસે, વિભાવસે, વિભાવસે ભેદજ્ઞાન ઔર સ્વભાવકા ગ્રહણ. સ્વભાવકા ગ્રહણ ઔર વિભાવસે ભેદજ્ઞાન. ઐસી ભાવના અવિચ્છિન્ન ધારાએ ભાવવી. ઈસમેં છેદ ન પડે. અવિચ્છિન્નધારાએ ભેદવિજ્ઞાનકી ભાવના, વહ મુક્તિકા ઉપાય હૈ, વહ મુક્તિકા માર્ગ હૈ. ચૈતન્ય અખંડ શાશ્વત હૈ ઈસમેં અશુદ્ધતા નહીં હૈ. યે શુદ્ધાત્માકો ગ્રહણ કરતા ઔર વિભાવસે વિભક્ત કરતા યે ઉસકા ભાવ હૈ. જિસકો મૈં જાનતા હૂં. નહીં જાનતા હૂં, યે તો પીછે જાનનેકી બાત હો ગઈ. પહેલે વિભાવસે ભેદજ્ઞાન કરનેકી વિધિ હૈ, મુક્તિકા માર્ગમેં ભેદજ્ઞાન કરનેકી વિધિ હૈ, યે એકત્વબુદ્ધિ તોડ દેના. 'મૈં ચૈતન્ય જ્ઞાયક હૂં' યે દૃષ્ટિકી દિશા પલટ દેના ઔર 'સમસ્ત વિભાવભાવ મેરે નહીં હૈ,' વો શુભભાવ બીચમેં આતે હૈ, તો ભી શુભભાવ ભી મેરા સ્વરૂપ નહીં હૈ. બીચમેં તો આતા હૈ, પરંતુ મેરા સ્વરૂપ નહીં હૈ. ઈસસે વિભક્ત કરના હૈ ઔર સ્વભાવમેં એકત્વ કરના. મૈં અનંતા ગુણસે ભરા જ્ઞાયક તત્ત્વ હૂં, યે જ્ઞાયકકો ગ્રહણ કરના,

શરીરસે, ભી વિભાવસે ભી, નોકર્મસે ભી. સબસે ભિન્ન કરના. ઐસે સ્વભાવ મેં એકત્વબુદ્ધિ કરના ઔર વિભાવસે વિભક્ત કરના યે મુક્તિ માર્ગકી વિધિ હૈ. મૈં જ્ઞાયક તો અનંત જાનનેવાલા હૈ, અનંત શક્તિઓંસે ભરપૂર હૈ. જ્ઞાયક ઐસા હૈ કિ અનંત અનંત પદાર્થકો જાનતે હૈ, યે જ્ઞાયકકી શક્તિ અનંત હૈ. પર ઈસકી દૃષ્ટિ બદલ દેના. પર તરફ દૃષ્ટિ થી વો પલટકે દૃષ્ટિ સ્વભાવમેં કર દેના. યે હી મુક્તિકા માર્ગ હૈ, શુદ્ધાત્માકો ગ્રહણ કરકે શુદ્ધ પર્યાય પ્રગટ હોતી હૈ. જે અવિચ્છિન્નધારાએ ઈસમેં દૃષ્ટિ કરકે ભેદજ્ઞાન ઈસી તરહ અવિચ્છિન્ન ધારાએ ભાવના જબ તક જ્ઞાન જ્ઞાનમેં ઠર ન જાય. જ્ઞાન જ્ઞાનમેં સ્થિર હો જાય તબ તક અવિચ્છિન્ન ધારાએ ભેદજ્ઞાન ભાવના. સ્વભાવમેં એકત્વ ઔર પરસે વિભક્ત. ચૈતન્યકા અસ્તિત્વ ગ્રહણ કરકે પરસે વિભક્ત. યથાર્થ ભેદ તભી હોતા હૈ. સ્વભાવકા અસ્તિત્વ ગ્રહણ કિયા, તબ પરસે વિભક્ત હોતા હૈ. 'મૈં આત્મા હૂં' બાકી સબ ઉપાધિ હૈ, બહારકી સબ ઉપાધિ હી 'મૈં એક જ્ઞાયક ભાવ હૂં.' ૪૧.

✻ પ્રશ્ન : બે દ્રવ્ય (જડ અને ચેતન) જુદા છે ?

● ઉત્તર : જડ અને ચેતન એ તો બે વસ્તુ જ જુદી છે. એમ વિભાવ પર્યાય છે એ તો એના સ્વભાવ ભેદ છે, માટે એ વિભાવ પરિણતિ પોતાથી જુદી છે. પણ પોતાની પુરુષાર્થની મંદતાએ થાય છે. પણ છે એ નિમિત્તથી થાય માટે એને 'પર' કહેવામાં આવે છે. અને પોતાની નિર્મળ પર્યાય 'પર'—એ અપેક્ષા જુદી છે. એ કોઈ પરદ્રવ્ય નથી. પોતાની નિર્મળ પર્યાય છે એ વાસ્તવિક રીતે પરદ્રવ્ય નથી, એ તો પોતે શાશ્વત દ્રવ્ય છે, એની અપેક્ષાએ એક અંશ છે, એ અંશ અને અંશીનો ભેદ પાડવાથી એને 'પર' કહેવામાં આવે છે. એ પરદ્રવ્ય તો વાસ્તવિક રીતે નથી. એની અપેક્ષા સમજવી જોઈએ. એ નિર્મળ પર્યાય ચૈતન્યમાં પ્રગટ થાય છે. એનું વેદન પોતાને થાય છે. જ્ઞાન-દર્શન-ચારિત્રની જે પર્યાયો છે. નિર્મળ પર્યાયો—એનું વેદન

પોતાને થાય છે. માટે એ પર્યાય કોઈ અપેક્ષાએ ચૈતન્યની એ અને કોઈ અપેક્ષાએ એને અંશની અપેક્ષાએ એને જુદી—'પર' એ અપેક્ષાએ કહેવામાં આવે છે. એની અપેક્ષાઓ સમજવી જોઈએ. બંને એક સરખી કોટિના નથી. 'પર' એવી રીતે એ પર નથી. પરદ્રવ્ય જુદું, વિભાવ પર્યાયને 'પર' કહેવાય એ જુદું અને નિર્મળ પર્યાયને 'પર' કહેવાય એ પણ અપેક્ષા જુદી છે. દૃષ્ટિની અપેક્ષાએ 'પર' કહેવામાં આવે છે. પણ છતાં જ્ઞેય તરફ જે પોતાની પરિણતિ જાય એ પરિણતિ તો પોતે. જાણપણું પોતાનો સ્વભાવ છે. એની એકત્વબુદ્ધિ તોડવાની છે. જ્ઞેય અને જ્ઞાયક એક નથી. 'હું જ્ઞાયક છું અને આ જ્ઞેય છે'. બેય દ્રવ્ય જુદા અને જુદા છે. એમ જ્ઞાયકને ઓળખવાથી એ જુદું પડે છે. બાકી જાણવાનું કાંઈ પોતાનું જતું નથી. પણ જ્ઞેય સાથેની એકત્વબુદ્ધિ તોડવાની છે. એની સાથે જે રાગ થાય છે એ રાગ તોડીને એની એકત્વબુદ્ધિ તોડીને જ્ઞાયકને ઓળખવો જોઈએ તો જ્ઞાયક ઓળખાય. એટલે ભેદજ્ઞાન થાય પછી એની ચારિત્રની દશા આવે ત્યારે એની રાગની પરિણતિમાં પહેલાં એનો અનંત રસ તૂટી જાય. પછી એની મંદતા હોય છે, એ પણ પછી અંદર લીનતા વધે ત્યારે છૂટે છે. પહેલા તો એની એકત્વબુદ્ધિ તોડવાની છે. બહાર જ્ઞેયો—એ જ્ઞેય સાથેની એકત્વબુદ્ધિ તોડે કે 'હું જ્ઞાયક છું આ જ્ઞેય તે હું નથી, હું તો જ્ઞાયક છું.' ૪૨.

બોલો સદ્‌ગુરુદેવનો જય હો.
ભગવતી માતનો જય હો.